P.07

જોન અબ્રાહમ આગામી ફિલ્મમાં મિનાક્ષી ચૌધરી સાથે જોડી જમાવશે



# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

P.07

તૃપ્તિ ડીમરીએ સેમ મર્ચન્ટ સાથેના સંબંધ પર સ્પષ્ટતા કરી



તંત્રી : અવેશ માલવિયા | સ્થાપના ૨૦૧૦ | વર્ષ : ૦૪ અંક : ૫૮ | વિક્રમ સંવત ૨૦૮૧ : આસો સુદ ૦૮ | પાના - ૦૮ | કિંમત : ૪ | અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 58 • Dt.29-09-2025 Monday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


એચ૧બી વિઝા ઉપર ફી વધારા બાદ અમેરિકન વર્કર્સને જ પ્રાથમિકતા અપાય તેવું બિલ લાવવાની તૈયારી શરૂ 07




29 SEPTEMBER- 2025 MONDAY




07 ઈઝરાયલના હવાઈ હુમલાથી ગાઝા ધણધણી ઉઠ્યું | ૩૨ લોકોએ ગુમાવ્યા જીવ

**ગુજરાતમાં સ્થિતિ નહીં સુધરે તો દિલ્હી જેવા હાલ થશે**


## ગુજરાતમાં ઔદ્યોગિકીકરણ અને વધતાં જતા વાહનો કારણે પ્રદુષણની સમસ્યા વધુને વધુ ઘેરી બની રહી છે

# ૯૫૭ કરોડનો ધૂમાડો છતાં ગુજરાતમાં હવા-પાણી પ્રદૂષિત

**પર્યાવરણવિદોએ તો ચિંતા વ્યક્ત કરી છેકે, જો આ પરિસ્થિતીમાં સુધારો નહી આવે તો દિલ્હી-હરિયાણા જેવી દશા થાય તે દિવસો હવે દૂર નથી । ઔદ્યોગિક વિકાસની આંધળી દોટમાં જાણે પ્રદુષણ પ્રત્યે આંખ આડા કાન કરવામાં આવી રહ્યાં છે**

। પ્રતિનિધિ, પંચમહાલ, તા.૨૨ ।

ગુજરાતમાં ઔદ્યોગિકીકરણ અને વધતાં જતા વાહનો કારણે પ્રદુષણની સમસ્યા વધુને વધુ ઘેરી બની રહી છે. પર્યાવરણની દુહાઈ દેવામાં આવી રહી છે ત્યારે અમદાવાદ સહિત અન્ય શહેરોમાં હવા-પાણીનુ પ્રદુષણ વકર્યુ છે. લોકસભામાં રજૂ કરાયેલાં રિપોર્ટ મુજબ, છેલ્લાં પાંચેક વર્ષમાં કુલ મળીને રૂા. ૯૫૭ કરોડનો ધુમાડો કરાયો છે છતાં પણ ગુજરાતમાં પ્રદુષણને કાબૂમાં લઈ શકાયુ નથી. પર્યાવરણવિદોએ તો ચિંતા વ્યક્ત કરી છેકે, જો આ પરિસ્થિતીમાં સુધારો નહી આવે તો દિલ્હી-હરિયાણા જેવી દશા થાય તે દિવસો હવે દૂર નથી.ઔદ્યોગિક વિકાસની આંધળી દોટમાં જાણે પ્રદુષણ પ્રત્યે આંખ આડા કાન કરવામાં આવી રહ્યાં છે. આજે અમદાવાદ જેવી મેટ્રોસિટીમાં એર ક્વોલિટી ઈન્ડકેસ વધતો જઈ રહ્યો છે જે ચિંતાનો વિષય બન્યો છે. ઉદ્યોગો-કારખાના ઉપરાંત વાહનોના ધુમાડાને કારણે હવામાં ઝેરી રજકણોનું સ્તર વધી રહ્યુ છે.આ કારણોસર અમદાવાદમાં વટવા. રખિયાલ, નરોડા જેવા ઔદ્યોગિક વિસ્તારોમાં હવાનું પ્રદુષણ ચિંતાજનકહદે રહ્યુ છે. આ વિસ્તારમાં મોડી રાત્રે કેમિકલની એટલી વાસ આવે છે કે લોકોને કેટલીક વાર તો નાક પર કપડું રાખીને બહાર નીકળવું પડે. ચામડીના રોગી વધ્યાં છે. સ્થાનિક લોકો તો હવે જાણે વાયુ પ્રદૂષણથી ટેવાઈ ગયા છે.





## અમદાવાદ પૂર્વમાં વધુમાં વધુ ૧૦૩ ડેસિબલ અને અમદાવાદ પશ્ચિમમાં ૮૫.૮૦ ડેસિબલ

વર્ષોથી ચાલતી આ ગંભીર સમસ્યા સામે સરકાર દ્વારા કોઈ ઠોસ પગલાં લેવામાં આવી રહ્યા નથી. પ્રદુષણ નિયંત્રણ બોર્ડના વર્ષ ૨૦૨૪-૨૫ના અહેવાલ મુજબ, અમદાવાદમાં નવરાત્રિ દરમિયાન ધ્વનિ પ્રદુષણ વધ્યુ છે જેમકે, અમદાવાદ પૂર્વમાં વધુમાં વધુ ૧૦૩ ડેસિબલ અને અમદાવાદ પશ્ચિમમાં ૮૫.૮૦ ડેસિબલ અવાજનો ઘોંઘાટ રહ્યો છે. આ સ્થિતિ મનુષ્યની શ્રવણશક્તિને ખૂબ નુકસાન પહોંચાડે છે. આ ઉપરાંત દિવાળીના સમયગાળા દરમિયાન અમદાવાદ શહેરમાં હવામાં પીએમ-૧૦નુ પ્રમાણ ૧૬૫ અને પીએમ ૨.૫ પ્રમાણે ૩૮.૩૩ સુધી પહોંચે છે. જ્યારે અમદાવાદ ગ્રામ્યમાં તો હવામાં પીએમ-૧૦નુ પ્રમાણ ૧૯૭ અન પીએમ ૨.૫નું પ્રમાણ ૯૪ સુધી પહોંચી જાય છે. આમ, ધ્વનિ-હવાના પ્રદુષણમાં નોંધપાત્ર વધારો થયો છે.હવાની ગુણવત્તામાં સુધારો થાય તે માટે છેલ્લાં પાંચેક વર્ષમાં કેન્દ્ર સરકારે ગુજરાતને રૂ. ૧૨૮૨ કરોડ નાણાકીય સહાય આપી હતી તે પૈકી રૂ. ૯૫૭ કરોડનો ખર્ચ કરાયો હતો. છતાંય પ્રદુષણમાં ઝાઝો સુધારો થઇ શક્યો નથી. આજે પણ ગુજરાતની નદીઓ પ્રદુષિત છે, ૧૦થી વધુ જીલ્લાઓમાં ભૂગર્ભજળ પીવાલાયક રહ્યું નથી. સ્થિતી દિન-પ્રતિદિન ગંભીર બની રહી છે તેમ છતાંય ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ પ્રદુષણને કાબૂમા લેવામાં સદંતર નિષ્ફળ રહ્યુ છે. મહત્વની વાત તો એ છે કે, રૂ. ૩૨૫ કરોડની ગ્રાન્ટ તો વણવપરાયેલી પડી રહી છે. સરકારે અને પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ ભલે દાવો કરે કે, ગુજરાતમાં હવા-પાણીના પ્રદુષણમાં સુધારો થયો છે પણ વાસ્તવમાં સ્થિતિમાં કોઈ ખાસ સુધારો જોવા મળ્યો નથી.







## કારેલીબાગમાં જુગાર રમતા પાંચ જુગારીઓ ઝડપાયા

| પ્રતિનિધિ, વડોદરા, તા.૨૮ |

કારેલીબાગ આર.આર. પાર્ક સોસાયટી નજીક જુગાર રમતા પાંચ જુગારીઓને કારેલીબાગ પોલીસે ઝડપી પાડયા છે.કારેલીબાગ પોલીસ સ્ટેશનનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન માહિતી મળી હતી કે, મોરારજી દેસાઈ સ્કૂલની સામે આર.આર. પાર્ક ગ્રાઉન્ડ ખુલ્લામાં કેટલાક લોકો જુગાર રમી રહ્યા છે. પોલીસે તેઓ પાસેથી રોકડા ૧૦,૯૦૦ તથા બે મોબાઈલ ફોન મળીને કુલ૧૧,૯૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો છે.કારેલીબાગ આર.આર.પાર્ક સોસાયટી નજીક જુગાર રમતા પાંચ જુગારીઓને કારેલીબાગ પોલીસે ઝડપી પાડયા છે.કારેલીબાગ પોલીસ સ્ટેશનનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો.

## યુનાઇટેડ વે ગરબા ગ્રાઉન્ડમાં દારૂનો નશો કરીને ધમાલ કરતો યુવક

| પ્રતિનિધિ, વડોદરા, તા.૨૮ |

યુનાઈટેડ વે ગરબા ગ્રાઉન્ડમાં દારુ પીને ધમાલ કરતા નશેબાજને અટલાદરા પોલીસે ઝડપી પાડી ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.ગઈકાલે અટલાદરા પોલીસનો સ્ટાફ યુનાઈટેડ વે ગરબા ગ્રાઉન્ડ ખાતે બંદોબસ્તમાં હતો. તે દરમિયાન એક વ્યક્તિએ પોલીસને આવીને જણાવ્યું હતું કે, એક વ્યક્તિ દારૃ પીને ધમાલ કરે છે.જેથી, પોલીસે જઈને તપાસ કરતા એક વ્યક્તિ દારુ પીને લથડિયા ખાતો હોઈ તેને પોલીસ સ્ટેશન લઈ આવવામાં આવ્યો હતો. તેનું નામ ભાવેશકુમાર ચંદ્રકાંતભાઈ પટેલ ઉં.વ. ૪૦ (રહે. ઔધો ફુલા ખડકી, જૂના ડેપો, પાદરા) હોવાનું જણાઈ આવ્યું હતું. તેની સામે પોલીસે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.નશેબાજને અટલાદરા પોલીસે ઝડપી પાડી ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ચીખલી સહિત અનેક જગ્યાએ વ્યાપક નુકશાન

# નવસારીના અનેક તાલુકામાં વાવાઝોડાનો કહેર

## કુદરતી આફતથી ખેતી, માળખાગત સુવિધાઓ અને નવરાત્રિ યોજનાઓને નોંધપાત્ર નુકસાન થયું

| પ્રતિનિધિ, નવસારી, તા.૨૮ |

નવસારી જિલ્લામાં શનિવાર રાત્રે શરૂ થયેલા ભારે પવન સાથે ભારે વરસાદ વાવાઝોડામાં ફેરવાઈ ગયો, જેના કારણે ચીખલી, ગેટોર અને અન્ય તાલુકાઓમાં વ્યાપક વિનાશ થયો. આ કુદરતી આફતથી ખેતી, માળખાગત સુવિધાઓ અને નવરાત્રિ યોજનાઓને નોંધપાત્ર નુકસાન થયું છે, જ્યારે સ્થાનિક વહીવટીતંત્ર રાહત અને બચાવ કામગીરીમાં વ્યસ્ત છે.ચીખલીમાં, જોરદાર પવનને કારણે સરકારી અનાજ ગોડાઉનની દિવાલો અને છત તૂટી પડી, જેમાં સંગ્રહિત અનાજનો મોટો જથ્થો ભીંજાઈ ગયો. આ ઘટનાએ ખેડૂતો અને સ્થાનિક વેપારીઓમાં ચિંતા વધારી છે, કારણ કે આ અનાજ સ્થાનિક વિતરણ અને સરકારી યોજનાઓ માટે બનાવાયેલ હતું. વધુમાં, તાલુકાના અનેક ઘરોની છત ઉડી ગઈ, જેના કારણે ઘણા પરિવારોને ખુલ્લામાં રહેવાની ફરજ પડી.જોરદાર પવનને કારણે તાલુકાના અનેક રસ્તાઓ પર વૃક્ષો પણ પડી ગયા, જેના કારણે વાહનવ્યવહાર ખોરવાઈ ગયો. ગટર, ચીખલી અને આસપાસના વિસ્તારોમાં મોટા બિલબોર્ડ અને જાહેરાત બોર્ડ પણ પવનના ફૂંકાવાથી ઉડી ગયા, જેના કારણે વ્યવસાયોને આર્થિક નુકસાન થયું. રાત્રે શરૂ થયેલા વીજળી ગુલ થવાથી સમગ્ર તાલુકા અંધારામાં ડૂબી ગયો હતો,



જેના કારણે રોજિંદા જીવન અને વ્યવસાય ખોરવાઈ ગયા હતા.વાવાઝોડાના કારણે નવરાત્રિ ઉત્સવની તૈયારી કરી રહેલા આયોજકોને પણ ભારે નુકસાન થયું હતું. ગરબા મેદાનમાં બાંધવામાં આવેલા પંડાલ, સજાવટ અને લાઈટિંગ સિસ્ટમ તૂટી પડી હતી, જેના કારણે આયોજકોને લાખો રૂપિયાનું નુકસાન થયું હતું. નવરાત્રિની શરૂઆતના દિવસોમાં આવી આપત્તિએ ઉત્સવની ભાવનાને ધૂંધળી બનાવી દીધી હોવાથી ખેલાડીઓ અને સ્થાનિક લોકો નિરાશ થયા છે.હવામાન વિભાગે ૩ ઓક્ટોબર સુધી દક્ષિણ ગુજરાત, ખાસ કરીને નવસારી, વલસાડ અને દમણમાં ભારે વરસાદ અને વાવાઝોડાની ચેતવણી આપી હતી. આ ચેતવણી બાદ, સ્થાનિક વહીવટીતંત્રે રાહત કામગીરી શરૂ કરી છે. કૃષિ વિભાગે ડાંગર, શેરડી અને કેળાના પાકને થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરીને પાકના નુકસાનનો સર્વે શરૂ કર્યો છે. જોકે, સરકારે હજુ સુધી નુકસાનની ભરપાઈ માટે કોઈ રાહત પેકેજ જાહેર કર્યું નથી.

## ભરૂચમાં કથિત મનરેગા કૌભાંડમાં ગીરસોમનાથ જિલ્લાના કોંગ્રેસી નેતા હિરા જોટવાને જામીન

| પ્રતિનિધિ, ગીર સોમનાથ, તા.૨૮ |

ભરૂચમાં કથિત મનરેગા કૌભાંડમાં ભરૂચ ચીફ કોર્ટે કોંગ્રેસના નેતા હીરા જોટવાના જામીન મંજૂર કર્યા છે. એક-એક લાખના બે સધ્ધર જામીન રાખીને કોર્ટે જામીનનો હુકમ કર્યો છે. કોર્ટમાં હીરા જોટવાના વકીલ કિરણ ઠાકોર દ્વારા દલીલ કરવામાં આવી હતી.ભરૂચ જિલ્લાના મનરેગા કૌભાંડ કેસમાં ત્રણ મહિને જેલમુક્તિ બાદ આહીર સમાજના ભામાશા અને દિગ્ગજ કોંગી નેતા હીરાભાઈ જોટવા જ્યારે તેમના માદરે વતન સુપાસી પહોંચ્યા હતા, જ્યાં તેમની વાપસી ઐતિહાસિક બની હતી. ગામના અર્જુન શૈક્ષણિક સંકુલ ખાતે તેમનો ભવ્ય સ્વાગત સમારંભ યોજાયો, જ્યાં મોટી સંખ્યામાં લોકો ઉપરાંત આહીર સેના તેમજ કોંગ્રેસના આગેવાનો, સમર્થકો ઉમટી પડ્યા હતા.આ તકે કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય હીરા જોટવાએ આક્રમક અંદાજમાં હુંકાર કરતા જણાવ્યું કે, "હમ કભી ના ડરા હૈ, ઔર ના તો કભી ડરેંગે ઔર ના તો કભી ડરાયેંગે." જોટવાએ સત્તાપક્ષ સામે લડત ચાલુ રાખવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો, તેમણે ઉમેર્યું હતું કે, અમે આઝાદ દેશના નાગરિક છીએ,અમને કોઈ દબાવી શકે નહીં.આવા ઉમળકા સાથેના સ્વાગતથી સ્પષ્ટ સંકેત મળી રહ્યા છે કે, હીરાભાઈ જોટવા ભલે વિવાદોમાં ઘેરાયા હોય પરંતુ સ્થાનિક સ્તરે તેમની લોકપ્રિયતા અને પકડ યથાવત્ છે.

### ૫૨.૦૭ કરોડના બિનહિસાબી વ્યવહારો પકડાયા

# અમદાવાદ શહેર સહિત રાજ્યમાં ૨૫ જેટલા રેસ્ટોરાંમાં જીએસટીની તપાસ ૪.૮૮ કરોડની કરચોરી પકડાઈ

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૮ |

અમદાવાદ સહિત રાજ્યના વિવિધ શહેરોમાં ૨૫ રેસ્ટોરાંમાં સ્ટેટ જીએસટીના અધિકારીઓએ તપાસ હાથ ધરી હતી. જેમાં ૫૨.૦૭ કરોડના બિનહિસાબી વ્યવહારો શોધી કાઢીને ૪.૮૮ કરોડની કરચોરી પકડી પાડી હતી. રેસ્ટોરાંના ૧૬ વેપારીઓ દ્વારા કરચોરી કેવા પ્રકારની કરાય છે તે શોધી કાઢવા માટે અધિકારીઓ ગ્રાહક બનીને ગયા હતા અને ખાનગી રાહે તપાસ કરી હતી.તપાસ દરમિયાન ધ્યાને આવેલું કે, વેપારીઓ કરચોરી માટે જુદી જુદી મોડલ ઓપરેન્ડી અપનાવતા હતા. જેમાં પેમેન્ટ ડાયવર્ટ કરવા માટે એકતી વધુ ક્યુઆર કોડનો ઉપયોગ, કાચી ચિઠ્ઠી દ્વારા વ્યવહારો, ઈન્વોઈસ વિના વેચાણ અને કંપોઝિશન સ્કીમનો




દુરૂપયોગ કરીને વાસ્તવિક ટર્નઓવર ૧.૫૦ કરોડથી ઓછું દર્શાવી કંપોઝિશન સ્કીમનો ખોટી રીતે લાભ લેતા હતા.

આ પ્રકારની ગેરરીતિઓ કરી તેઓ વાસ્તવિક વેચાણ ઓછુ દર્શાવીને વેરાકીય જવાબદારી ટાળતા હતા. જી.એસ.ટી. અધિકારીઓએ તાજેતરમાં ફૂડ/રેસ્ટોરન્ટ ક્ષેત્ર હેઠળના કરદાતા દ્વારા કરચોરીના ઉદેશથી કેવા પ્રકારની રીતરસમો અપનાવવામાં આવે છે તેની ચકાસણી કરવા અધિકારીઓ પોતે ગ્રાહક બની આવા વેપારીઓના ધંધાના સ્થળે ખાનગીરાહે ચકાસણી કરવામાં આવેલ. જેમાં કરચોરી માટે અપનાવેલ વિવિધ પ્રકારની મોડસ ઓપેરેન્ડી ધ્યાને આવેલ. આથી ઉપલબ્ધ માહિતી તેમજ ઉપરોક્ત મોડસ ઓપેરેન્ડીને ધ્યાને લઈ અમદાવાદ, વડોદરા, સુરત, ગાંધીનગર, ભાવનગર, જુનાગઢ અને રાજકોટ ખાતેના ૧૬ વેપારીઓના ૨૫ સ્થળોએ સ્થળતપાસની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી. તપાસ દરમિયાન ધ્યાને આવેલ કે, આ ક્ષેત્રના કરદાતાઓ કરચોરી માટેની વિવિધ મોડસ ઓપેરેન્ડી જેમ કે, પેમેન્ટ ડાયવર્ટ કરવા માટે એકથી વધુ ઊઈ કોડનો ઉપયોગ, કાચી ચીઠ્ઠી દ્વારા વ્યવહારો, ઈન્વોઈસ વિના વેચાણ કરવુ અને કંપોઝિશન સ્કીમનો દુરૂપયોગ કરીને વાસ્તવિક ટર્નઓવર રૂ. ૧.૫૦ કરોડથી ઓછું દર્શાવી કંપોઝિશન સ્કીમનો ખોટી રીતે લાભ લેતા હતા.

## આણંદમાં ૧૩૩ વિદેશી અને ૧૭ ઈ-સિગારેટનો જથ્થો ઝડપાયો

| પ્રતિનિધિ, આણંદ, તા.૨૮ |

આણંદ શહેરમાં બે સ્થળેથી ૧૭ ઈ-સિગારેટ અને ૧૩૩ વિદેશી સિગારેટનો જથ્થો પોલીસે ઝડપી પાડયો છે. બંને દરોડા દરમિયાન એલસીબી અને એસઓજીની ટીમે કુલ રૂા. એક લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી બે શખ્સોની ધરપકડ કરી છે. આણંદ શહેરની સીપી કોલેજ પાછળ આવેલા ભગતસિંહ સ્ટેચ્યુ નજીકના આહુજા પાન પાર્લર ખાતે આણંદ એલસીબી પોલીસની ટીમે છાપો માર્યો હતો. પાર્લરમાંથી રૂા. ૩૭ હજારની પ્રતિબંધિત ૧૭ નંગ ઈ-સિગરેટો તથા સિગરેટો ચાર્જ કરવાની બેટરીઓ મળી આવી હતી. પોલીસે પાર્લરના માલિકનું નામ પૂછતા તે સાગર રામચંદ્ર આહુજા હોવાનું જણાવ્યું હતું. પોલીસે સાગર આહુજાની અંગ જડતીમાંથી એક મોબાઈલ સહિત રૂપિયા ૮૭,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. વધુ પૂછપરછ કરતા ઈ-સિગરેટનો જથ્થો તે વડોદરાના પ્રતિક અગ્રવાલ નામના શખ્સ પાસેથી લાવ્યો હોવાની કબૂલાત કરી હતી. પોલીસે બંને વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.આણંદ એસઓજીએ આણંદ જૂના બસ સ્ટેન્ડ નજીક પોસ્ટ ઓફિસ સામે મીરા એન્ટરપ્રાઈઝમાં દરોડો પાડી આરીફ સીરાજભાઈ વ્હોરાની અટકાયત કરી હતી.

## પાણીની નવી લાઇન નાંખતા જૂની લાઇન તૂટી, હજારો લીટર પાણીનો બગાડ

| પ્રતિનિધિ, લીંબડી , તા.૨૮ |

લીંબડી રેલવે સ્ટેશન રોડ પર આવેલી સોસાયટી વિસ્તારમાં હાલ નવી પાણીની લાઈન નાખવાની કામગીરી ચાલું છે. વ્હોરા સોસાયટીમાં પાણીની નવી લાઈન નાખવાની કામગીરી દરમિયાન જુની પાણીની લાઈનમાં ત્રણથી ચાર જગ્યાએ ભંગાણ થતાં હજારો લીટર પાણીનો બેફામ બગાડ થયો હતો. તેમજ સોસાયટીમાં સ્થાનિક રહીશોના ઘરમાં પાણી ધુસી ગયા હતા.કોન્ટ્રાક્ટરની બેદરકારીના કારણે સોસાયટીમાં તળાવ ભરાયું હોય તેવો નજારો જોવા મળ્યો હતો. સ્થાનિક રહીશોએ જણાવ્યું હતું કે કોન્ટ્રાક્ટ દ્વારા નવી પાઈપ લાઈન નાખવા સમયે બેદરકારી પૂર્વક કામ કરતાં જુની લાઈન તોડી નાખવામાં આવી છે. પાઈપ લાઈન નાખ્યાં પછી ખાડા સરખા બુરતાં નથી જેને લઈને ઘરની બહાર ચાલીને જવું પણ મુશ્કેલ બન્યું છે. રસ્તા પર રાહદારીઓને ચાલવામાં મુશ્કેલી પડે છે અને વાહન ચાલકોને અકસ્માતનું જોખમ રહે છે. અમે જાતે ખાડા સરખા બુરાવા મજબુર બન્યા છે. તૂટી ગયેલી પાઈપ લાઈન રિપેરીંગ કરવાનાં બદલે આડેધડ ખાડા બુરીને ચાલ્યા ગયા છે. જેથી કરીને કોન્ટ્રાક્ટ દ્વારા વહેલી તકે તૂટી ગયેલી પાણીની પાઈપ લાઈન રિપેરીંગ કરવામાં આવે તેવી સ્થાનિક રહીશોની માંગ ઉઠી છે. લીંબડી રેલવે સ્ટેશન રોડ પર આવેલી સોસાયટી વિસ્તારમાં હાલ નવી પાણીની લાઈન નાખવાની કામગીરી ચાલું છે.



જિલ્લા કલેક્ટરને ૧૫ ઓક્ટોબરે સુનાવણી માટે બોલાવવામાં આવ્યા

# સુરત એરપોર્ટને નડતી બિલ્ડીંગો ન તોડવા બદલ સમન્સ, માનવ અધિકાર પંચમાં ફરિયાદ દાખલ કરાઈ

**સુરત એરપોર્ટ એક્શન કમિટીના પ્રમુખ સંજય એઝવા દ્વારા આ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી**

। પ્રતિનિધિ, સુરત,તા.૨૮ ।

સુરત એરપોર્ટની આસપાસ ઉપદ્રવી ઈમારતો અંગે ચાલી રહેલા વિવાદમાં નવો વળાંક આવી રહ્યો છે. જિલ્લા કલેક્ટરે તોડી પાડવા પર ત્રણ વર્ષનો પ્રતિબંધ મૂકવાનો આદેશ આપ્યો હતો, પરંતુ હવે ગુજરાત માનવ અધિકાર આયોગમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. સુરત એરપોર્ટ એક્શન કમિટીના પ્રમુખ સંજય એઝવા દ્વારા આ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી અને જિલ્લા કલેક્ટરને ૧૫ ઓક્ટોબરે સુનાવણી માટે બોલાવવામાં આવ્યા છે.




સુરત એરપોર્ટના વિસ્તરણ અને સલામતીના નિયમોને ધ્યાનમાં રાખીને, એરપોર્ટની આસપાસની કેટલીક ઈમારતોને "ઉપદ્રવી" ગણવામાં આવી હતી. આ ઈમારતો એરપોર્ટના ફ્લાઈટ સંચાલન અને સલામતી માટે સંભવિત ખતરો છે. એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના નિયમો અનુસાર, આવી ઈમારતોને તોડી પાડવી જોઈએ અથવા તેમની ઊંચાઈ ઘટાડવી જોઈએ. જોકે, ત્રણ વર્ષ સુધી આ ઈમારતો તોડી ન પાડવાના જિલ્લા કલેક્ટરના નિર્ણયથી આ વિવાદ થયો છે.આ નિર્ણયનો વિરોધ કરતા, સંજય એઝવાએ ગુજરાત માનવ અધિકાર આયોગમાં ફરિયાદ નોંધાવી છે, જેમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે આ નિર્ણય એરપોર્ટની સલામતી અને વિકાસમાં અવરોધ ઉભો કરે છે. ફરિયાદમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે આવા નિર્ણયથી સ્થાનિક રહેવાસીઓ અને એરપોર્ટના હિતોને નુકસાન થાય છે.જિલ્લા કલેક્ટરના આદેશ મુજબ, આ ઈમારતોનું તોડી પાડવાનું ત્રણ વર્ષ માટે મુલતવી રાખવામાં આવ્યું હતું. આ નિર્ણય પાછળનું કારણ સ્પષ્ટ રીતે જણાવવામાં આવ્યું નથી, પરંતુ અહેવાલો સૂચવે છે કે આ ઈમારતોમાં રહેતા લોકોની આજીવિકા અને રહેઠાણના પ્રશ્નો એક મહત્વપૂર્ણ પરિબળ હોઈ શકે છે. વધુમાં, આ ઈમારતોના માલિકો અને રહેવાસીઓનો વિરોધ પણ એક પરિબળ માનવામાં આવી રહ્યો છે.જોકે, એરપોર્ટ એક્શન કમિટીએ આ નિર્ણય પર સવાલ ઉઠાવ્યા છે. સમિતિનો દાવો છે કે આવી ઈમારતો એરપોર્ટના વિસ્તરણ અને સુરક્ષા માટે ગંભીર ખતરો છે. વધુમાં, આ ઈમારતોને તોડી ન પાડવાથી સુરત એરપોર્ટની આંતરરાષ્ટ્રીય ધોરણો સુધી પહોંચવાની યોજનાઓ પણ અવરોધાઈ શકે છે.

સુરત એરપોર્ટ એક્શન કમિટીના પ્રમુખ સંજય એઝવાએ આ સંદર્ભમાં ગુજરાત માનવ અધિકાર આયોગમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે જિલ્લા કલેક્ટરનો નિર્ણય એરપોર્ટ સુરક્ષા અને જાહેર હિતને અવગણે છે. ફરિયાદ બાદ, કમિશને જિલ્લા કલેક્ટરને ૧૫ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ સુનાવણી માટે હાજર રહેવા માટે સમન્સ જારી કર્યું છે. ફરિયાદમાં એવી પણ માંગ કરવામાં આવી છે કે એરપોર્ટના વિકાસ અને સુરક્ષાને જોખમ ન થાય તે માટે ગેરકાયદેસર ઈમારતોને તાત્કાલિક તોડી પાડવામાં આવે. સંજય ઈજાવાએ કહ્યું, "અમે ઈચ્છીએ છીએ કે સુરત એરપોર્ટનો વિકાસ ઝડપથી અને આંતરરાષ્ટ્રીય ધોરણો અનુસાર થાય. આ ઈમારતો એક મોટો અવરોધ છે અને તેને દૂર કરવી જોઈએ."

સુરતમાં એક સાયબર કૌભાંડનો પર્દાફાશ થયો

# સુરતના કતારગામ અને સરથાણાનો સાયબર ફ્રોડનો પર્દાફાશ, ૧ યુવતી સહિત ૪ને વોન્ટેડ જાહેર કર્યા

। પ્રતિનિધિ, સુરત, તા.૨૮ ।

સુરતમાં એક સાયબર કૌભાંડનો પર્દાફાશ થયો છે. સાયબર પોલીસે કુલ ૧૬.૬૫ કરોડની છેતરપિંડી કરનારા છેતરપિંડી કરનારાઓની ધરપકડ કરી છે. સાયબર પોલીસે સાયબર છેતરપિંડીમાં સંડોવાયેલા બે ગેંગની ધરપકડ કરી છે. વધુ પૂછપરછ માટે આ બે ગેંગના આઠ આરોપીઓના પાંચ દિવસના રિમાન્ડ માંગવામાં આવ્યા હતા, જે મંજૂર કરવામાં આવ્યા છે. સાયબર છેતરપિંડીની તપાસ દરમિયાન, શંકા ઉભી થતાં પોલીસે ચોક્કસ નાણાકીય વ્યવહારોની તપાસ કરી હતી. આ તપાસમાં કુલ ૧૬.૬૫ કરોડ (આશરે ૧.૯૬ બિલિયન) ના વ્યવહારો સાથે સંકળાયેલા એક મોટા સાયબર કૌભાંડનો પર્દાફાશ થયો હતો.પોલીસે ફેમા નામની એક મહિલા સહિત ચાર આરોપીઓને વોન્ટેડ જાહેર કર્યા છે. માસ્ટરમાઈન્ડ, પ્રશાંત, ચાર્લી અને રોકી, ફેમાના ઈશારે ખાતા ખોલી રહ્યા હતા. એવું બહાર આવ્યું છે કે તેઓ કમિશન માટે બેંક ખાતા ખોલી રહ્યા હતા. સુરત સાયબર ક્રાઈમ સેલ સમગ્ર કેસની વધુ તપાસ કરી રહ્યું છે. જો મુખ્ય આરોપીઓ પકડાય તો વધુ ખુલાસાઓ બહાર આવી શકે છે.

ફેમા નામની એક મહિલા સહિત ચાર છેતરપિંડી કરનારાઓ સાયબર માફિયાઓને બેંકિંગ સેવાઓ પૂરી પાડવાના રેકેટમાં ફસાયેલા હતા. સાયબર સેલ માસ્ટરમાઈન્ડ્સને પકડવા માટે તૈયારી કરી રહ્યું છે.

## જામનગરમાંથી ગંજીપાના વડે જુગાર રમી રહેલી ૫ મહિલાઓ ઝડપાઈ

। પ્રતિનિધિ, જામનગર, તા.૨૮ ।


જામનગર શહેરમાં રાંદલ નગર વિસ્તારમાં પોલીસે જુગાર અંગે દરોડો પાડ્યો હતો, અને જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમી રહેલી પાંચ મહિલાઓની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રોકડ રકમ અને જુગારનો સામાન કબજે કર્યો છે. જામનગરના સીટી બી. ડિવિઝનના પી.એસ.આઈ. એમ. વી.મોઢવાડિયા ઉપરાંત અન્ય પોલીસ સ્ટાફ અને હનુમાન ગેઈટ પોલીસ ચોકીના મહિલા પોલીસ કોન્સ્ટેબલ કોમલબેન ચૌહાણ વગેરેએ રાંદલનગર વિસ્તારમાં જુગાર અંગે દરોડો પાડ્યો હતો. જે દરમિયાન પાંચ મહિલાઓ ગંજીપાના વડે જુગાર રમતાં મળી આવી હતી. આથી પોલીસે ગંજીપાના વડે જુગાર રમી રહેલી શાંતુભા ગિરૂભા જાડેજા, કૈલાશબા દાદુભા ચૌહાણ, સાવિત્રીબા રણુભા વાઘેલા, મનહરબા ચંદુભા જેઠવા, અને જનકબા હિતેન્દ્રસિંહ જેઠવા વગેરેની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રોકડ રકમ અને જુગારનો સામાન કબજે કર્યો છે. જામનગર શહેરમાં રાંદલ નગર વિસ્તારમાં ગઈકાલે પોલીસે જુગાર અંગે દરોડો પાડ્યો હતો.

## અમદાવાદમાં ૭ મહિના પહેલા લગ્ન, 3 મહિનાની ગર્ભવતી મહિલાએ આપઘાત કર્યો

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૮ ।

અમદાવાદમાં આપઘાતનો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જો કે ખુબ જ અરેરાટી ફેલાય તેવી બાબત છે કે, પરિણીતાએ લગ્નનાં માત્ર ૮ જ મહિના થયા હતા અને તે ગર્ભવતી હતી તેમ છતા પણ મોતને વ્હાલું કર્યું હતું. શહેરના મેમનગર વિસ્તારમાં આ ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી હતી.મેમનગર વિસ્તારમાં આવેલ પટેલ વાસમાં એક પરિણીતાએ ગળેફાંસો ખાઈને આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે. પરિણીતાને ૩ માસનો ગર્ભવતી હોવાનું પણ પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. હાલ નવરાત્રિ ચાલી રહી છે જેમાં શક્તિ પુજનનું અનેરૂ મહત્વ રહેલું છે. જો કે ઘરની શક્તિએ જ અચાનક ગળેફાંસો ખાઈને આપઘાત કરી લેતા પરિવાર પર પણ જાણે આભ ફાટ્યું છે.

જો કે આપઘાત બાદ યુવતિના પરિવાર દ્વારા સાસરી પક્ષ પર ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા હતા. સમગ્ર મામલો વિવાદિત બન્યો હતો.મૃતક પરિણીતાનું નામ મોનિકા નાઈ હતું અને આશરે ૭ મહિના પહેલા જ તેના લગ્ન થયા હતા. આશરે ૭ મહિના પહેલા મોનિકાના લગ્ન દિલીપ નામના યુવક સાથે સામાજિક રીત રિવાજ અનુસાર થયા હતા. જો કે અચાનક આપઘાત કરી લેતા બંન્ને પરિવારો પર આભ ફાટી પડ્યું છે. જો કે મૃતક યુવતીના કાકાએ આક્ષેપ કર્યો કે, તેમની દિકરી પરણીને આવી ત્યારથી જ માનસિક તણાવ અનુભવી હતી. પોતાના પિયરમાં તેણે એક લાખ રૂપિયાની માંગણી પણ કરી હતી. જો કે તે લોકો પૈસા એકત્ર કરીને દિકરીને આપે તે પહેલા જ દિકરીએ આવું પગલું ભરી લીધું હતું. મોનિકાના કાકા રાજેશભાઈના દાવાને પગલે પોલીસે ગુનો દાખલ કરીને તપાસ આદરી છે. જો કે હજી સુધી સુસાઈડ નોટ કે એવું કંઈ નહી મળતા પોલીસ દ્વારા ડિજિટલ ફુટપ્રિન્ટના આધારે તપાસ આદરવામાં આવી છે.






## તંત્રી લેખ...

# સુરક્ષા દળ સામે પડકાર

જમ્મુકાશ્મીરને ખાસ દરજ્જો આપનાર કલમ ૩૭૦ની નાબુદી સુરક્ષા દળો સામે જમ્મુ કાશ્મીરમાં અનેક પ્રકારના પડકારો હજુ આવી રહ્યા છે. થોડાક સમય માટે બ્રેકની સ્થિતી રહ્યા બાદ ફરી ત્રાસવાદીઓ સક્રિય દેખાઇ રહ્યા છે. સ્થાનિક પડકારોની સાથે સાથે સરહદ પર પણ નવા પડકારો રહેલા છે. આ કલમ નાબુદ કરવામાં આવ્યા બાદ એકબાજુ પાકિસ્તાને ઉશ્કેરણીજનક કૃત્યો કોરોના કાળમાં પણ યથાવતરીતે જારી રાખ્યા છે. સરહદ પર તે સ્થિતીનો લાભ લઇને વારંવાર ગોળીબાર કરે છે. જેમાં કેટલાક ભારતીય જવાનો શહીદ થયા છે. આ ઉપરાંત રાજ્યમાં જુદા જુદા સ્થળો પર હુમલા કરવાના તેના સમર્થકો દ્વારા પ્રયાસો જારી રાખવામાં આવ્યા છે. કાશ્મીરમાં સ્થાનિક લોકોની વચ્ચે છુપાયેલા તત્વોથી સાવધાન રહેવાની પણ સુરક્ષા દળોને જરૂર છે. સાથે સાથે લોકોની અંદર આત્મવિશ્વાસ પણ જગાવવાની જરૂર છે. કલમ ૩૭૦ને નાબુદ કરવામાં આવ્યા બાદ હવે સ્થિતી ધીમે ધીમે સામાન્ય બની રહી છે. અહીં છેલ્લા કેટલાક મહિનાથી હાલત કફોડી બનેલી હતી. પહેલા દરરોજ ત્રાસવાદી હુમલા કરવામાં આવી રહ્યા હતા. સ્થાનિક લોકો ત્રાસવાદીઓને પરોક્ષ રીતે મદદ કરી રહ્યા હતા. હજુ પણ ત્રાસવાદીઓને કેટલાક વિસ્તારોમાં સ્થાનિક લોકો આશરો આપી રહ્યા છે ત્યારે તેમની સામે નવા પડકારો ઉભા થઇ ગયા છે. આવી જટિલ સ્થિતી વચ્ચે સુરક્ષા દળોને સાવધાન રહેવાની જરૂર છે. હકીકતમાં વસ્તીના એક મોટા હિસ્સાની વિચારધારા અને તેમના વ્યવહારનો હિસ્સો બની ચુકેલી કોઇ પણ સમસ્યાને ઉકેલી દેવા માટે તાકાતની એક મોટી ભૂમિકા હોય છે પરંતુ સાથે સાથે તેને એકમાત્ર કારણ અને વિકલ્પ તરીકે જોઇને આગળ વધવાની બાબત યોગ્ય દેખાતી નથી. આના કારણે સમસ્યા વધારે ગંભીર બની જાય છે. કઠોર વલણની સાથે સાથે સમાયાતંર વાતચીતની પ્રક્રિયા જારી રાખીને જ બળ પ્રયોગનો કોઇ અર્થ નિકળી શકે છે. સમસ્યાની જડ બની ચુકેલા કેટલાક લોકોને વસ્તીથી અલગ કરવાની બાબત એક ચૂંટણી વલણ પણ હોય છે. કમનસીબ બાબત એ છે કે કાશ્મીરના સંબંધમાં છેલ્લા કેટલાક સમયથી વાતચીત માટેનો રસ્તો બંધ થયેલો છે. બલ્કે ચૂંટણી પ્રક્રિયાના પ્રયાસોમાં પણ ગંભીરતા દેખાઇ રહી નથી. છેલ્લી વિધાનસભાની ચૂંટણી બાદ બે લોકસભા સીટની પેટાચૂંટણી થઇ હતી. જેમાં ખુબ ઓછુ મતદાન થયુ હોવા છતાં ફારૂખ અબ્દુલ્લા વિજેતા બની ગયા હતા. ખાસ નોંધવા લાયક બાબત એ છે કે માત્ર લશ્કરી ઓપરેશન પર આધાર રાખીને અમે અમારા લશ્કરી બળોને પણ સંકટમાં મુકી રહ્યા છીએ. વર્તમાન સ્થિતીમાં કાશ્મીરમાં સેનાના પ્રયાસો છતાં સ્થિતી વધારે સુધરી નથી. જ્યાં સુધી શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી થશે નહીં ત્યાં સુધી સ્થિતીમાં નોંધપાત્ર સુધારો થઇ શકશે નહી.સ્થિતીને સુધારી દેવા અને તમામ પ્રકારની ચેતવણી આપવામાં આવી રહી હોવા છતાં પાકિસ્તાની સેના યુદ્ધવિરામનો ભંગ કરીને સ્થિતીને ખરાબ કરવાના પ્રયાસો સતત કરી રહી છે. પાકિસ્તાનને વારંવારની ચેતવણી આપવામાં આવી હોવા છતાં પાકિસ્તાને સતત ગોળીબાર જારી રાખ્યો છે.

# શરીરને પૌષ્ટિક તત્વો અતિ જરૂરી

શરીર માટે વિટામિન ડી અતિ જરૂરી હોય છે. વિટામિન ડી સાથે જોડાયેલી સમસ્યા કેટલીક બિમારીને આમંત્રણ આપે છે. જોઇન્ટની પિડા હાલના દિવસોમાં સામાન્ય સમસ્યા છે. દરેક વયના લોકો આ પિડા પિડાનો શિકાર થઇ રહ્યા છે. સામાન્ય રીતે વિટામિન ડીની કમીના કારણે આ સમસ્યા ઉભી થાય છે. હેરાની કરનાર બાબત એ છે કે શહેરોમાં રહેનાર આશરે ૮૦-૯૦ ટકા લોકો વિટામિન ડીની કમીની સમસ્યાથી ગ્રસ્ત રહે છે. અમે આજે ભાગદોડની લાઇફમાં અમે તાપમાં વધારે નિકળતા નથી. સાથે સાથે પૌષ્ટિક ભોજન પણ કરતા નથી. સમસ્યા એ પણ છે કે મોટા ભાગના લોકો આન માહિતી હોતી નથી. અથવા તો કેટલાક કેસમાં તો લોકો આને માનવા માટે તૈયાર થતા નથી. તાપમાં ન રહેવાના કારણે પણ આ સમસ્યા વધે છે. શરીરને મજબુતી આપનાર હાડકાને મજબુતી આપવા માટે વિટામિન ડીની ભૂમિકા ચાવીરૂપ હોય છે. કેટલીક મોટી બિમારીને પણ બચાવે છે. હાડકા એક ખાસ વય સુધી મજબુત હોય છે. વિટામિન ડી શરીરની રોગપ્રતિકારક ક્ષમતાને વધારે છે. નર્વ્સ અને મસલ્સને કોઓર્ડિનેશનને કન્ટ્રોલ કરે છે. કેન્સરને રોકવામાં પણ મદદરૂપ બને છે. નિષ્ણાંત તબીબો કહે છે કે કમજોર હાડકાને મજબુત થવામાં આશરે ૧૫૦ દિવસનો સમય લાગે છે. જ્યારે ખરાબ થવામાં માત્ર ૨૦ દિવસ લાગે છે. બાળકોમાં વિકાસને ગતિ આપવા માટે પણ વિટામિન ડીની ખુબ જરૂર હોય છે. પુરતા પ્રમાણમાં વિટામિન ડી લીધા બાદ તેની અસર સ્પષ્ટ પણે દેખાય છે. બાળકો હાલમાં આઉટડોર ગેમ વધારે રમતા નથી. સ્કુલથી આવતાની સાથે જ તેઓ મોબાઇલ અને ટીવી પર લાગી જાય છે. જેથી બાળકોમાં વિટામિન ડીની કમીની સમસ્યા રહે છે. પરસેવો નિકળે તેવા ગેમ બાળકો રમતા નથી જેથી સ્થુળતા પણ આવી જાય છે. એક વખતે સ્થુળતા આવી ગયા બાદ શરીરની શિથિલતા વધી જાય છે. ત્યારબાદ વિટામિન ડીની કમીનીશરૂઆત થઇ જાય છે. આ બાબત પણ જાણવી જરૂરી છે કે મહિલાઓની તુલનામાં વિટામિન ડીની કમી પુરૂષોમાં વધારે રહે છે.એક વ્યાપક અને રસપ્રદ અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, વિટામિન ડીના ઓછા પ્રમાણના કારણે ઘણી તકલીફો ઉભી થઇ શકે છે. વિટામિન ડીની અછત હાર્ટ સાથે સંબંધિત રોગ માટે પણ જવાબદાર છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, વિટામિન ડીનું પૂરતુ પ્રમાણ અતિ જરૂરી છે. ઓછુ પ્રમાણ ઘાતક બિમારીઓને આમંત્રણ આપી શકે છે. ૧૦ હજારથી વધુ દર્દીઓને આવરી લઇને કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, વિટામિન ડીની અછત ૭૦ ટકા લોકોમાં જોવા મળી છે અને તેમનામાં હાર્ટ સાથે સંબંધતિ રોગનો ખતરો વધારે રહે છે.



આજકાલ

લેખક : ડો. શમિકા રવિ

**બેટી પઢાઓ, સમાજ બચાવો**

**સારા ઇરાદાઓને જવાબદારી, નેતૃત્વ અને નીતિ દ્વારા સમર્થન મળવું જોઈએ । અને મોદીના નેતૃત્વ હેઠળ, ભારત તે જ જોઈ રહ્યું છે - ફક્ત નિયમો જ નહીં, પરંતુ માનસિકતા બદલવા માટે એક પ્રણાલીગત દબાણ. આ પરિવર્તન ફક્ત વર્ગખંડોમાં વધુ છોકરીઓ વિશે નથી**

# બેટી બચાવો, બેટી પઢાઓ: દેશભરમાં સફળતાનું વિસ્તરણ

**ભારતીય સમાજ, તેના સ્વાસ્થ્ય, અર્થતંત્ર અને વસ્તી વિષયક બાબતોના પાયાને, દીકરીઓને પરિવર્તનના સૌથી અસરકારક સાધનઃ શિક્ષણ દ્વારા સશક્ત બનાવીને બદલવા વિશે છે**

જે દેશમાં ''બેટી પઢાઓ તો ક્યા કરેગી?'' (દીકરી ભણે તો શું કરશે?) વાક્ય એક સમયે ઘરો અને ગામડાઓમાં ગુંજતું હતું, ત્યાં છેલ્લા દાયકામાં ભારતમાં કન્યા શિક્ષણમાં એક શક્તિશાળી પરિવર્તન આવ્યું છે.ગુજરાતના દ્વારકામાં એક મહિલા સંમેલનમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહિલાઓના એક જૂથને પૂછ્યું કે કેટલી મહિલાઓએ પાંચમા ધોરણથી આગળ અભ્યાસ કર્યો છે. તેમને આશ્ચર્ય થયું કે, મોટાભાગની વૃદ્ધ મહિલાઓએ હાથ ઊંચા કર્યા - જ્યારે થોડી જ નાની મહિલાઓએ હાથ ઊંચા કર્યા. જ્યારે પૂછવામાં આવ્યું કે આવું શા માટે, ત્યારે તેઓએ ગાયકવાડ યુગ તરફ ધ્યાન દોર્યું, એ યુગમાં પિતાઓને તેમની પુત્રીઓને શિક્ષણ ન આપવા બદલ સજા કરવામાં આવતી હતી. તે સમયે, અમલીકરણ કામ કરતું હતું. આજે, ઘણી સાસુઓ સાક્ષર છે, જ્યારે તેમની પુત્રવધૂઓ સાક્ષર નથી.આ વાર્તા એક મોટા સત્ય પર ભાર મૂકે છેઃ સારા ઈરાદાઓને જવાબદારી, નેતૃત્વ અને નીતિ દ્વારા સમર્થન મળવું જોઈએ. અને મોદીના નેતૃત્વ હેઠળ, ભારત તે જ જોઈ રહ્યું છે - ફક્ત નિયમો જ નહીં, પરંતુ માનસિકતા બદલવા માટે એક પ્રણાલીગત દબાણ. આ પરિવર્તન ફક્ત વર્ગખંડોમાં વધુ છોકરીઓ વિશે નથી. તે ભારતીય સમાજ, તેના સ્વાસ્થ્ય, અર્થતંત્ર અને વસ્તી વિષયક બાબતોના પાયાને, દીકરીઓને પરિવર્તનના સૌથી અસરકારક સાધનઃ શિક્ષણ દ્વારા સશક્ત બનાવીને બદલવા વિશે છે.ગુજરાત મોડેલઃ સાંસ્કૃતિક સુધારાથી માપી શકાય તેવા લાભો સુધીગુજરાતના મુખ્યમંત્રી તરીકે, નરેન્દ્ર



મોદીએ સ્વીકાર્યું કે સ્ત્રી ભ્રૂણ હત્યા અને છોકરીઓની નિરક્ષરતા જેવા મુદ્દાઓનો સામનો કરવા માટે બહુપક્ષીય અભિગમની જરૂર છે. ફક્ત કાયદા પૂરતા નથી. જે જરૂરી હતું તે માળખાગત સુવિધાઓ અને પ્રોત્સાહનો દ્વારા સમર્થિત જાહેર ધારણામાં મૂળભૂત પરિવર્તન હતું. ૨૦૦૩માં શરૂ કરાયેલ, કન્યા કેળવણી અભિયાન આ પરિવર્તન માટે એક મુખ્ય વાહન બન્યું. આ પહેલે કન્યા શિક્ષણ વિશે જાગૃતિને પ્રોત્સાહન આપ્યું જ્યારે કિશોરાવસ્થા દરમિયાન શાળા છોડી દેવાનું મુખ્ય કારણ, શાળાઓમાં છોકરીઓ માટે અલગ શૌચાલયનો અભાવ જેવા અવરોધોને સંબોધ્યા.

પરિણામો નોંધપાત્ર હતા. ગુજરાતમાં સ્ત્રી સાક્ષરતા દર જે રાષ્ટ્રીય સરેરાશ કરતા ઓછો હતો, તેમાં સતત વધારો જોવા મળ્યો, જે રાષ્ટ્રીય સરેરાશ ૬૪% કરતા વધારે છે. નોંધપાત્ર રીતે, લક્ષિત જિલ્લાઓમાં શાળા છોડી દેવાના દરમાં ૯૦% નો મોટો ઘટાડો જોવા મળ્યો.મોદીએ જાહેર કાર્યક્રમોમાં મળેલી ભેટોની વ્યક્તિગત રીતે હરાજી કરીને, છોકરીઓના શિક્ષણ માટે ₹૧૯ કરોડ એકત્ર કરીને, વ્યાપક જાહેર સમર્થન દ્વારા નીતિગત પહેલને બદલી નાખી. તેમણે ₹૨૧ લાખનું વ્યક્તિગત યોગદાન પણ આપ્યું. આ પ્રયાસોએ એક મજબૂત સંકેત આપ્યોઃ છોકરીઓનું શિક્ષણ માત્ર એક સરકારી યોજના નહોતી, તે એક જાહેર ચળવળ હતી.

### બેટી બચાવો, બેટી પઢાઓઃ દેશભરમાં સફળતાનું વિસ્તરણ

ગુજરાતની સફળતાથી પ્રેરિત થઈને, બેટી બચાવો, બેટી પઢાઓ (બીબીબીપી) પહેલ ૨૦૧૫માં દેશભરમાં શરૂ કરવામાં આવી હતી. તેનો ઉદ્દેશ્ય બેવડો હતોઃ સ્ત્રી ભ્રૂણ હત્યા અટકાવવી અને છોકરીઓના શિક્ષણને પ્રોત્સાહન આપવું. આ પહેલ તેના પ્રારંભિક તબક્કામાં ૧૦૦ લિંગ-નિર્ણાયક જિલ્લાઓ પર ધ્યાન કેન્દ્રિત કરતી હતી, જે પછીથી દેશભરમાં વિસ્તરી. તેણે પરિવર્તન માટે સંકલિત દબાણમાં બહુવિધ મંત્રાલયો - મહિલા અને બાળ વિકાસ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને માનવ સંસાધન વિકાસ - ને એકસાથે લાવ્યા. પરિણામના અન્ય પગલાંઓમાં, તેની અસર છોકરીઓના જીવિત રહેવાના દરમાં સૌથી વધુ દેખાય છે. ભારતમાં જન્મ સમયે લિંગ ગુણોત્તર પ્રતિ ૧,૦૦૦ છોકરાઓ (૨૦૧૫-૧૬) ૯૧૯ છોકરીઓથી સુધરીને ૯૨૯ (૨૦૧૯-૨૧) થયો છે. ઉત્સાહજનક રીતે, ૩૦માંથી ૨૦ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો રાષ્ટ્રીય સરેરાશ SRB ૯૩૦ કરતા વધુ સારું પ્રદર્શન કરી રહ્યા છે, જે બીબીબીપી ના સફળ અમલીકરણના ૧૦ વર્ષ પૂર્ણ થતાં સતત પ્રગતિને પ્રતિબિંબિત કરે છે.

### સંખ્યાઓથી આગળઃ શિક્ષણની લહેરિયાં અસરો

જ્યારે જન્મ સમયે લિંગ ગુણોત્તરમાં સુધારો પ્રોત્સાહક છે, તે એક મોટા કોયડાનો માત્ર એક ભાગ છે. કન્યા શિક્ષણની વાસ્તવિક શક્તિ સમાજમાં તેના દ્વારા થતી લહેરિયાં અસરોમાં રહેલી છે. શિક્ષિત સ્ત્રીઓ મોડેથી લગ્ન કરે છે અને ઓછા બાળકો પેદા કરે છે. ભારતનો કુલ પ્રજનન દર (ţફઇ) ઘટીને ૨.૦ થઈ ગયો છે, જે રિપ્લેસમેન્ટ સ્તરથી થોડો નીચે છે. આ પરિવર્તન વધતી સ્ત્રી શિક્ષણ અને કાર્યબળ ભાગીદારી સાથે ગાઢ રીતે જોડાયેલું છે. માધ્યમિક શિક્ષણ ધરાવતી સ્ત્રીઓ સંસ્થાકીય પ્રસૂતિ અને પ્રિનેટલ કેર મેળવવાની શક્યતા વધુ હોય છે. છોકરીઓ માટે શિશુ મૃત્યુ દર (ૈંસ્ઇ) ૨૦૧૪ માં ૧,૦૦૦ જીવંત જન્મો દીઠ ૪૯ થી ઘટીને ૨૦૨૦ સુધીમાં ૩૩ થઈ ગયો છે. જ્યારે એકંદર મહિલા શ્રમ દળ ભાગીદારી એક પડકાર બની રહી છે, તે આરોગ્યસંભાળ, શિક્ષણ, જીઈસ અને ઉદ્યોગસાહસિકતા જેવા ક્ષેત્રોમાં વધી રહી છે, જે ક્ષેત્રો સાક્ષરતા અને કૌશલ્ય પર ખીલે છે. સશસ્ત્ર દળોના અધિકારીઓથી લઈને ટેક સ્ટાર્ટઅપ્સના ઝઈં સુધી, આજની શિક્ષિત ભારતીય મહિલાઓ એવા અવરોધો તોડી રહી છે જેની તેમની માતાઓ કલ્પના પણ કરી શકતી ન હતી.

### વ્યાપક અસરઃ શિક્ષિત છોકરીઓ, સશક્ત સમુદાયો

શિક્ષિત છોકરીઓ શિક્ષિત માતાઓમાં વૃદ્ધિ પામે છે - અને તે બધું બદલી નાખે છે. અભ્યાસો દર્શાવે છે કે શિક્ષિત માતાઓના બાળકો શાળામાં વધુ સારું પ્રદર્શન કરે છે અને સારા સ્વાસ્થ્ય પરિણામોનો અનુભવ કરે છે. તે સશક્તિકરણનું એક પવિત્ર ચક્ર છે જે દરેક પેઢીને સ્પર્શે છે.મધ્યપ્રદેશમાં, તાજેતરના સર્વેક્ષણો દર્શાવે છે કે ૮૯.૫% લોકો મ્મ્ઁ પહેલથી વાકેફ છે, અને ૬૩.૨% લોકો કહે છે કે તેનાથી તેમને તેમની દીકરીઓને શાળાએ મોકલવા માટે સીધા પ્રોત્સાહન મળ્યું છે. સમુદાયોએ વહેલા લગ્નમાં વિલંબ અને છોકરીઓના ઉચ્ચ શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે વધતા સમર્થનની જાણ કરી છે. આ આંકડા ફક્ત આંકડા નથી, તે એવા પ્રદેશોમાં બદલાતી માનસિકતા દર્શાવે છે જ્યાં છોકરીઓને એક સમયે સંપૂર્ણપણે શાળાઓથી દૂર રાખવામાં આવતી હતી.

(ડૉ. શમિકા રવિ હાલમાં પ્રધાનમંત્રીની આર્થિક સલાહકાર પરિષદના સભ્ય અને ભારત સરકારના સચિવ છે. આ લેખમાં વ્યક્ત કરાયેલા મંતવ્યો અને મંતવ્યો વ્યક્તિગત છે.)



**વસ્તી અંદાજ : વસ્તી વધીને ૧૪૭.૬ કરોડ સુધી પહોંચી જશે**

**વસ્તીની વધતી વર્તમાન ગતિને રોકીને અથવા તો તેને સ્થિર કર્યા વગર ભારત પોતાની અનેક જટિલ સમસ્યાઓમાંથી બહાર આવી શકે તેમ નથી ભારતમાં વર્તમાન સમયમાં અનેક સમસ્યા છે જે પૈકી મોટી સમસ્યા ગરીબી, ભ્રષ્ટાચાર અને સુશાસનની સમસ્યા પણ છે**

# ૨૦૩૦માં ભારતની વસ્તી ચીનથી વધુ

**વસ્તી નિયંત્રણના પ્રયાસોને જોતા એવી આશા કરી શકાય છે કે ભારતની વસ્તી પર નજીકના ભવિષ્યમાં ઘટવાની શરૂઆત થઇ જશે**

રોકટે ગતિથી દેશની વસ્તી વધી રહી છે. અતિ ઝડપથી વધી રહેલી વસ્તીના કારણે વિકાસ પર માઠી અસર થઇ રહી છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે રાષ્ટ્રીય સંશાધનો પૈકી એક મોટો હિસ્સો દેશની વિશાળ વસ્તીના ભરણપોષણ પર ખર્ચ થઇ જાય છે. જે ગતિથી વસ્તી વદી રહી છે તે ગંભીર સમસ્યા તરીકે છે.

વસ્તીની વધતી વર્તમાન ગતિને રોકીને અથવા તો તેને સ્થિર કર્યા વગર ભારત પોતાની અનેક જટિલ સમસ્યાઓમાંથી બહાર આવી શકે તેમ નથી. ભારતમાં વર્તમાન સમયમાં અનેક સમસ્યા છે. જે પૈકી મોટી સમસ્યા ગરીબી, ભ્રષ્ટાચાર અને સુશાસનની સમસ્યા પણ છે. સાથે સાથે ધાર્મિક વિવાદો પણ એક મોટી સમસ્યા તરીકે રહી છે. આવી સ્થિતીમાં વધતી જતી વસ્તીને લઇને એટલી ચિંતા કરવાની જરૂર શુ છે તે અંગે કેટલાક લોકો પ્રશ્ન કરે છે. આ સવાલનો સીધો જવાબ એ છે કે તમામ સમસ્યા વસ્તી સાથે જોડાયેલી છે. ઝડપથી વધી રહેલી વસ્તીના કારણે તમામ પ્રકારની સુવિધા લોકો સુધી પહોંચાડી દેવાની



બાબત સરળ નથી. રાષ્ટ્રીય સંશાધનો પૈકી એક મોટો હિસ્સો દેશની વસ્તીના ભરણપોષણમાં ખર્ચ થઇ જાય છે. જ્યારે આ સંશાધનોનો ઉપયોગ મુડીરોકાણ અને ઉત્પાદનને વધારી દેવામાં કરવામાં આવી શકે છે. શિક્ષણ, આરોગ્ય, સ્વચ્છતા, સુરક્ષિત પાણી જેવી મુળભુત અને જરૂરી સેવા પાછળ આ સંશાધનોનો ઉપયોગ કરવામાં આવી શકે છે. અતિ ઝડપથી વધી રહેલી વસ્તી દેશના વિકાસ પર અવિરત અને સીધી રીતે માઠી અસર કરે છે. વસ્તીની વર્તમાન ગતિને સ્થિર કરીને કેટલીક સમસ્યાનો ઉકેલ લાવી શકાય છે. ભારતની વસ્તીને જોઇને દિમાગ ઘુમી જાય છે. વર્ષ ૧૯૪૭માં ભારતની વસ્તી ૩૩ કરોડ હતી. આ વસ્તી હવે ૨૦૨૨માં ૧૩૯ કરોડ સુધી પહોંચી ગઇ છે. છેલ્લા ૭૦ વર્ષના ગાળમાં ભારતની વસ્તીમાં ચાર ગણો વધારો થયો છે. દુનિયાની કુલ વસ્તીમાં હવે ભારતની હિસ્સેદાર ૧૭.૮ ટકાની આસપાસ છે. એટલે કે દુનિયામાં દરેક છઠ્ઠી વ્યક્તિ ભારતીય છે. ચીન જ એકમાત્ર એવુ દેશ છે જેમાં વસ્તી ભારત કરતા વધારે છે. ચીનની વસ્તી ભારત કરતા માત્ર સાત કરોડ જ વધારે છે. જ્યારે વર્ષ ૧૯૯૦માં ભારતની વસ્તી ૩૦.૨ કરોડ વધારે હતી.

ભારતમાં વસ્તીનો વાર્ષિક વદ્ધિ દર ૨૦૧૦-૧૫માં ૧.૨૪ ટકા પ્રતિ વર્ષે રહ્યો હતો. જ્યારે આ જ અવધિમાં ચીનનો વસ્તીનો વદ્ધિ દર વાર્ષિક ૦.૬૧ ટકા રહ્યો હતો. સંયુક્ત રાષ્ટ્ર વસ્તી વિભાગના લોકો કહે છે કે ૨૦૩૦ સુધીમાં ભારતની વસ્તી ચીન કરતા વધારે થઇ જશે. ચીન વસ્તીના મામલે પણ બીજા સ્થાને ફેંકાઇ જશે. વસ્તીના વૃદ્ધિ દરના આધાર પર મુકવામાં આવેલા અંદાજ મુજબ ભારતની વસ્તી વર્ષ ૨૦૩૦માં ૧૪૭.૬ કરોડથી વધારે થઇ જશે. જ્યારે ચીનની વસ્તીના સંબંધમાં અંદાજમાં કહેવામાં આવ્યુ છે કે આ વસ્તી એ વખતે ૧૪૫.૩ કરોડ સુધી પહોંચી ગયા બાદ ઘટવાની શરૂઆત થઇ જશે. હાલના મુલ્યાંકનના આધાર પર કહી શકાય છે કે ભારતની વસ્તી વર્ષ ૨૦૩૦માં ચીન કરતા વધારે પહોંચી જશે. વસ્તી નિયંત્રણના પ્રયાસોને જોતા એવી આશા કરી શકાય છે કે ભારતની વસ્તી પર નજીકના ભવિષ્યમાં ઘટવાની શરૂઆત થઇ જશે. જો તે વાસ્તવિકતા એ છે કે ભારતની વસ્તી તો વધુ વધશે. વર્ષ ૨૦૬૦માં અમારી વસ્તી તો ૧૭૦ કરોડના આંકડા સુધી પહોંચી જશે. આનુ મુખ્ય કારણ એ છે કે ભારતની વસ્તીમાં યુવાનોની સંખ્યા હાલમાં વધારે છે. વસ્તીના સતત વધી રહેલા આંકડા પરથી કહી શકાય છે કે દેશની વસ્તીમાંથી ૩૧ ટકા લોકોની વય ૦-૧૪ વર્ષની હતી. આવી સ્થિતીમાં વસ્તી ઘટીને એક અબજ પર આવે તેવી આશા રાખી શકાય નહી. ભારતની વસ્તીને જો કાબુમાં લેવામાં નહીં આવે તો તેની માઠી અસર દેશના વિકાસ પર થશે. વિકાસની અસર લોકોમાં દેખાશે નહી. શિક્ષણ અને આરોગ્ય પર તેની અસર થશે. ભવિષ્યને ઉજ્જવળ બનાવી શકાશે નહી.

# વસ્તી પર નિયંત્રણ કર્યા વગર ભારત પોતાની વર્તમાન સમસ્યાઓનો ઉકેલ લાવી શકે નહીં : હાલમાં વસ્તી વધીને ૧૩૫ કરોડ થઇ

રોકટે ગતિથી દેશની વસ્તી વધી રહી છે. અતિ ઝડપથી વધી રહેલી વસ્તીના કારણે વિકાસ પર માઠી અસર થઇ રહી છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે રાષ્ટ્રીય સંશાધનો પૈકી એક મોટો હિસ્સો દેશની વિશાળ વસ્તીના ભરણપોષણ પર ખર્ચ થઇ જાય છે. જે ગતિથી વસ્તી વદી રહી છે તે ગંભીર સમસ્યા તરીકે છે.

વસ્તીની વધતી વર્તમાન ગતિને રોકીને અથવા તો તેને સ્થિર કર્યા વગર ભારત પોતાની અનેક જટિલ સમસ્યાઓમાંથી બહાર આવી શકે તેમ નથી. ભારતમાં વર્તમાન સમયમાં અનેક સમસ્યા છે. જે પૈકી મોટી સમસ્યા ગરીબી, ભ્રષ્ટાચાર અને સુશાસનની સમસ્યા પણ છે. સાથે સાથે ધાર્મિક વિવાદો પણ એક મોટી સમસ્યા તરીકે રહી છે. આવી સ્થિતીમાં વધતી જતી વસ્તીને લઇને એટલી ચિંતા કરવાની જરૂર શુ છે તે અંગે કેટલાક લોકો પ્રશ્ન કરે છે. આ સવાલનો સીધો જવાબ એ છે કે તમામ સમસ્યા વસ્તી સાથે જોડાયેલી છે. ઝડપથી વધી રહેલી વસ્તીના કારણે તમામ પ્રકારની સુવિધા લોકો સુધી પહોંચાડી દેવાની બાબત સરળ નથી. રાષ્ટ્રીય સંશાધનો પૈકી એક મોટો હિસ્સો દેશની વસ્તીના ભરણપોષણમાં ખર્ચ થઇ જાય છે. જ્યારે આ સંશાધનોનો ઉપયોગ મુડીરોકાણ અને ઉત્પાદનને વધારી દેવામાં કરવામાં આવી શકે છે. શિક્ષણ, આરોગ્ય, સ્વચ્છતા, સુરક્ષિત પાણી જેવી મુળભુત અને જરૂરી સેવા પાછળ આ સંશાધનોનો ઉપયોગ કરવામાં આવી શકે છે.

અતિ ઝડપથી વધી રહેલી વસ્તી દેશના વિકાસ પર અવિરત અને સીધી રીતે માઠી અસર કરે છે. વસ્તીની વર્તમાન ગતિને સ્થિર કરીને કેટલીક સમસ્યાનો ઉકેલ લાવી શકાય છે. ભારતની વસ્તીને જોઇને દિમાગ ઘુમી જાય છે. વર્ષ ૧૯૪૭માં ભારતની વસ્તી ૩૩



કરોડ હતી. આ વસ્તી હવે ૨૦૨૨માં ૧૩૯ કરોડ સુધી પહોંચી ગઇ છે. છેલ્લા ૭૦ વર્ષના ગાળમાં ભારતની વસ્તીમાં ચાર ગણો વધારો થયો છે. દુનિયાની કુલ વસ્તીમાં હવે ભારતની હિસ્સેદાર ૧૭.૮ ટકાની આસપાસ છે. એટલે કે દુનિયામાં દરેક છઠ્ઠી વ્યક્તિ ભારતીય છે. ચીન જ એકમાત્ર એવુ દેશ છે જેમાં વસ્તી ભારત કરતા વધારે છે. ચીનની વસ્તી ભારત કરતા માત્ર સાત કરોડ જ વધારે છે. જ્યારે વર્ષ ૧૯૯૦માં ભારતની વસ્તી ૩૦.૨ કરોડ વધારે હતી. ભારતમાં વસ્તીનો વાર્ષિક વદ્ધિ દર ૨૦૧૦-૧૫માં ૧.૨૪ ટકા પ્રતિ વર્ષે રહ્યો હતો. જ્યારે આ જ અવધિમાં ચીનનો વસ્તીનો વદ્ધિ દર વાર્ષિક ૦.૬૧ ટકા રહ્યો હતો. સંયુક્ત રાષ્ટ્ર વસ્તી વિભાગના લોકો કહે છે કે ૨૦૩૦ સુધીમાં ભારતની વસ્તી ચીન કરતા વધારે થઇ જશે. ચીન વસ્તીના મામલે પણ બીજા સ્થાને ફેંકાઇ જશે.

વસ્તીના વૃદ્ધિ દરના આધાર પર મુકવામાં આવેલા અંદાજ મુજબ ભારતની વસ્તી વર્ષ ૨૦૩૦માં ૧૪૭.૬ કરોડથી વધારે થઇ જશે. જ્યારે ચીનની વસ્તીના સંબંધમાં અંદાજમાં કહેવામાં આવ્યુ છે કે આ વસ્તી એ વખતે ૧૪૫.૩ કરોડ સુધી પહોંચી ગયા બાદ ઘટવાની શરૂઆત થઇ જશે. હાલના મુલ્યાંકનના આધાર પર કહી શકાય છે કે ભારતની વસ્તી વર્ષ ૨૦૩૦માં ચીન કરતા વધારે પહોંચી જશે. વસ્તી નિયંત્રણના પ્રયાસોને જોતા એવી આશા કરી શકાય છે કે ભારતની વસ્તી પર નજીકના ભવિષ્યમાં ઘટવાની શરૂઆત થઇ જશે. જો તે વાસ્તવિકતા એ છે કે ભારતની વસ્તી તો વધુ વધશે. વર્ષ ૨૦૬૦માં અમારી વસ્તી તો ૧૭૦ કરોડના આંકડા સુધી પહોંચી જશે. આનુ મુખ્ય કારણ એ છે કે ભારતની વસ્તીમાં યુવાનોની સંખ્યા હાલમાં વધારે છે. વસ્તીના સતત વધી રહેલા આંકડા પરથી કહી શકાય છે કે દેશની વસ્તીમાંથી ૩૧ ટકા લોકોની વય ૦-૧૪ વર્ષની હતી.

આવી સ્થિતીમાં વસ્તી ઘટીને એક અબજ પર આવે તેવી આશા રાખી શકાય નહી. ભારતની વસ્તીને જો કાબુમાં લેવામાં નહીં આવે તો તેની માઠી અસર દેશના વિકાસ પર થશે. વિકાસની અસર લોકોમાં દેખાશે નહી. શિક્ષણ અને આરોગ્ય પર તેની અસર થશે. ભવિષ્યને ઉજ્જવળ બનાવી શકાશે નહી. જેથી ગંભીર વસ્તી વિસ્ફોટ પર અંકુશ મુકવા માટે ગંભીર પ્રયાસો જરૂરી છે. વસ્તી વિસ્ફોટની જટિલ બની રહેલી સમસ્યા માત્ર ભારતમાં જ નહી બલ્કે દુનિયાના અન્ય દેશોમાં પણ છે. જેમાં ચીન પણ સામેલ હોવાની વાત કરવામાં આવી રહી છે.



Cyber Octet™

CYBER SECURITY AND
ETHICAL HACKING
TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST
WITH FALGUN RATHOD

# Learn Ethical Hacking & Cyber Security

## WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com



એર ડિફેન્સ મિસાઈલ સિસ્ટમ માટે ૩૦ હજાર કરોડનું ટેન્ડર

# ચીન-પાકિસ્તાન બોર્ડર પર તૈનાત થશે 'અનંત શસ્ત્ર'

। તિરુવનંતપુરમ, તા.૧૮ ।

ભારતીય સેનાએ હવાઈ રક્ષાને મજબૂત કરવા માટે મોટું પગલું ભર્યું છે. પાકિસ્તાન અને ચીન બોર્ડર પર હવાઈ ખતરાઓથી લડાવ માટે ૫ થી ૬ રેજિમેન્ટ 'અનંત શસ્ત્ર' સરફેસ-ટૂ-એર મિસાઈલ સિસ્ટમ ખરીદવાનું ટેન્ડર જાહેર કર્યું છે. આ સિસ્ટમ ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશનએ તૈયાર કર્યું છે.પહેલા તેને ક્વિક રિએક્શન સરફેસ-ટૂ-એર મિસાઈલ (ઊઈજીછર) કહેવામાં આવતું હતું. આ પ્રોજેક્ટની મંજૂરીનો ખર્ચ અંદાજિત ૩૦,૦૦૦ કરોડ રૂપિયા છે. સેનાના અધિકારીઓએ ખાનગી ન્યૂઝ એજન્સીને જણાવ્યું કે, આ સિસ્ટમ ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાની ડ્રોન હુમલાઓને રોકવામાં મહત્ત્વની ભૂમિકા નિભાવી ચૂકી છે.મે ૨૦૨૫માં થયેલા ઓપરેશન સિંદૂર બાદ ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલ (ઢછઝ)એ આ સ્વદેશી સિસ્ટમને ખરીદવાની મંજૂરી આપી. ચાર દિવસના આ સંઘર્ષમાં પાકિસ્તાને ચીની હથિયારોનો ઉપયોગ કર્યો. ભારતીય સેનાના એર ડિફેન્સ યુનિટ્સે L-૨૦ અને ઢે-૨૩ ગનથી વધુ પડતા ડ્રોન નષ્ટ કર્યા.આકાશ અને MR-SAM સિસ્ટમે પણ કમાલ કરી. ભારતીય વાયુસેનાના સ્પાઈડર અને સુદર્શન જી-૪૦૦ સિસ્ટમે એકજુટ થઈને હવાઈ ખતરાને રોક્યા. સેનાની એર ડિફેન્સ વિંગ પહેલાથી જ સ્ઈ-જીછર, આકાશ અને નાની સિસ્ટમ ચલાવી રહી છે. આ વાયુસેનાની સાથે મળીને કામ કરે છે.આ સિસ્ટમ ખૂબ ઝડપ અને મોબાઈલ છે.

સોનમ વાંગચુકની ધરપકડ બાદ હવે તપાસનો ધમધમાટ

# લદાખ હિંસા : ત્રણ દિવસ બાદ લેહમાં કરફ્યુમાં છૂટ અપાઈ, વાંગચુકના પાકિસ્તાન કનેક્શનની તપાસ શરૂ

**છેલ્લા ઘણા સમયથી લદાખને પૂર્ણ રાજ્યનો દરજ્જો અપાવવા તથા છઠ્ઠી અનુસૂચિ લાગુ કરવાની માંગ ઉઠી રહી હતી । જે બાદ હિંસા ફાટી નીકળી જેમાં ચાર લોકોના મોત થયા જ્યારે ૯૦થી વધુ ઈજાગ્રસ્ત થયા હતા**

। ઇટાનગર, તા.૨૨ ।

લદાખમાં થયેલી હિંસા બાદ લેહ શહેરમાં ત્રણ દિવસે કરફ્યુમાં છૂટ આપવામાં આવી છે. બપોરના સમયે તબક્કાવાર વિવિધ વિસ્તારોમાં ચાર કલાક સુધી કરફ્યુમાં છૂટ આપ વામાં આવી. કરફ્યુમાં છૂટ મળતા જ મોટી સંખ્યામાં લોકો એટીએમની બહાર કતારમાં જોવા મળ્યા. હાલ સમગ્ર વિસ્તારમાં અજંપાભરી શાંતિ છે અને કોઈ પણ અપ્રિય ઘટનાની સૂચના મળી નથી. DGP એસ ડી સિંહ જામવાલે જણાવ્યું છે કે લેહ શહેરના જૂના વિસ્તારમાં ૧થી ૩ જ્યારે નવા વિસ્તારોમાં ૩.૩૦થી ૫.૩૦ વાગ્યા સુધી કરફ્યુમાં છૂટ આપવામાં આવી હતી. આજે લદાખની કાયદા વ્યવસ્થાની સ્થિતિ અંગે હાઈલેવલ બેઠક પણ યોજાઈ હતી. નોંધનીય છે કે છેલ્લા ઘણા સમયથી લદાખને પૂર્ણ રાજ્યનો દરજ્જો અપાવવા તથા છઠ્ઠી અનુસૂચિ લાગુ



કરવાની માંગ ઉઠી રહી હતી. જે બાદ હિંસા ફાટી નીકળી જેમાં ચાર લોકોના મોત થયા જ્યારે ૯૦થી વધુ ઈજાગ્રસ્ત થયા હતા. હિંસા બાદ શહેરમાં કરફ્યુ લગાવી દેવાયો હતો. હિંસા બાદ તંત્રએ સોનમ વાંગચુક પર હિંસા ભડકાવવાનો આરોપ લગાવ્યો હતો.

ડીજીપીએ સોનમ વાંગચુકને હિંસાનો માસ્ટરમાઈન્ડ ગણાવ્યા છે. આટલું જ નહીં તપાસ એજન્સીઓ હવે સોનમ વાંગચુકના પાકિસ્તાન સાથેના સંબંધો અંગે પણ તપાસ કરી રહી છે. આરોપ છે કે પાકિસ્તાનનો જાસૂસ તેમના સંપર્કમાં હતો. વાંગચુકની વિદેશ યાત્રાઓ પર પણ તપાસ કરવામાં આવી રહી છે. લદાખ પોલીસનો દાવો છે કે સોનમ વાંગચુકના ભડકાઉ ભાષણના કારણે ટોળાંએ સરકારી ઈમારતો અને વાહનોમાં આગચંપી કરી હતી. જો તેમણે પહેલા જ ભૂખ હડતાળ સમાપ્ત કરી નાંખી હોત તો હિંસા થઈ ના હોત.

આટલું જ નહીં લદાખના એલજી ( ઉપરાજ્યપાલ ) કવિન્દ્ર ગુપ્તાએ લદાખની હિંસામાં વિદેશી ષડયંત્રની પણ આશંકા વ્યક્ત કરી છે. તેમનો દાવો છે કે હિંસામાં નેપાળના ત્રણ નાગરિકો ગોળી વાગવાના કારણે ઈજાગ્રસ્ત થયા છે. લદાખ હિંસા મામલે અત્યાર સુધી ૫૦થી વધુ લોકોની અટકાયત કરવામાં આવી છે. લદાખના સ્થાનિક કોર્પોરેટર પર પણ હિંસા ભડકાવવાનો આરોપ છે.

લદાખમાં થયેલી હિંસા બાદ લેહ શહેરમાં ત્રણ દિવસે કરફ્યુમાં છૂટ આપવામાં આવી છે. બપોરના સમયે તબક્કાવાર વિવિધ વિસ્તારોમાં ચાર કલાક સુધી કરફ્યુમાં છૂટ આપવામાં આવી. કરફ્યુમાં છૂટ મળતા જ મોટી સંખ્યામાં લોકો એટીએમની બહાર કતારમાં જોવા મળ્યા.

## વિદ્યાર્થીનીઓની છેડતી કરવાના આરોપમાં બાબા ચૈતન્યનંદની આગ્રાની હોટલમાંથી ધરપકડ

। નવીદિલ્હી, તા.૨૮ ।

વિદ્યાર્થીનીઓની છેડતી કરવાના આરોપી બાબા ચૈતન્યનંદ સરસ્વતીની દિલ્હી પોલીસે ધરપકડ કરી છે. તેમને આગ્રાની 'ફર્સ્ટ તાજગંજ' નામની હોટલમાંથી ધરપકડ કરવામાં આવી હતી. દિલ્હી પોલીસની ટીમ બાબા સાથે આગ્રાથી દિલ્હી પહોંચી છે. દિલ્હી પોલીસ બાબાને કોર્ટમાં રજૂ કરશે. આ પછી, દિલ્હી પોલીસ બાબાના રિમાન્ડની માંગ કરી શકે છે.અગાઉ, દિલ્હીની પટિયાલા હાઈકોર્ટે સ્વામી ચૈતન્યનંદની આગોતરા જામીન અરજી ફગાવી દીધી હતી. દરમિયાન, દિલ્હી પોલીસે બાબા ચૈતન્યનંદના ૮ કરોડ ફ્રિઝ કરી દીધા છે. આ પૈસા ૧૮ બેંક ખાતાઓ અને ૨૮ ફિક્સ્ડ ડિપોઝિટમાં જમા કરવામાં આવ્યા હતા. આ પૈસા આરોપી પાર્થસારથી, જેને બાબા ચૈતન્યનંદ સરસ્વતી તરીકે પણ ઓળખવામાં આવે છે, દ્વારા બનાવવામાં આવેલા ટ્રસ્ટ સાથે જોડાયેલા છે.દિલ્હીના શ્રી શારદા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ રિસર્ચમાં વિદ્યાર્થીનીઓ પર અત્યાચાર કરનાર ચૈતન્યનંદ સરસ્વતી સામે ૨૦૧૬ માં કેસ પણ દાખલ કરવામાં આવ્યો હતો. તે સમયે, એક છોકરી કોઈક રીતે ચૈતન્યનંદના ચુંગાલમાંથી છટકી ગઈ હતી. ભાગતી વખતે, તેણીએ તેની બેગ અને દસ્તાવેજો પણ પાછળ છોડી દીધા હતા. આમ છતાં, ચૈતન્યનંદના માણસોએ તેનો પીછો કર્યો અને તેના ઘરે પહોંચી ગયા.

## સોનમ વાંગચુકની પત્નીએ પાકિસ્તાન સાથેના સંબંધોના આરોપોને નકારી કાઢ્યા

। શ્રીનગર, તા.૨૮ ।

સોનમ વાંગચુકની પત્ની ગીતાંજલિ આંગ્મોએ તેમના પર લગાવવામાં આવેલા પાકિસ્તાન સાથેના સંબંધો અને નાણાકીય ગેરરીતિઓના આરોપોને સંપૂર્ણપણે નકારી કાઢ્યા છે. તેમણે વાંગચુક પર હિંસા ભડકાવવાના આરોપોને નકારી કાઢ્યા, અને કહ્યું કે તેમણે હંમેશા ગાંધીવાદી રીતે શાંતિપૂર્ણ રીતે વિરોધ કર્યો છે અને ૨૪ સપ્ટેમ્બરના રોજ થયેલી હિંસા સીઆરપીએફ કાર્યવાહીને કારણે થઈ હતી.૪ સપ્ટેમ્બરના રોજ લદાખમાં છઠ્ઠી અનુસૂચિ અને રાજ્યનો દરજ્જો મેળવવાની માંગણીના વિરોધ બાદ સોનમ વાંગચુકની એનએસએ હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. હિંસામાં ચાર લોકો માર્યા ગયા હતા અને ૯૦ થી વધુ ઘાયલ થયા હતા. વાંગચુકને રાજસ્થાનની જોધપુર જેલમાં રાખવામાં આવ્યા છે.ગીતાંજલિએ કહ્યું કે તેમની ધરપકડ પછીથી તેઓ સંપર્કથી દૂર છે અને હજુ સુધી તેમને ધરપકડના આદેશની નકલ મળી નથી. વાંગચુકની પાકિસ્તાનની મુલાકાત વ્યાવસાયિક હતી અને તે આબોહવા પરિવર્તન સાથે સંબંધિત હતી, કોઈ શંકાસ્પદ પ્રવૃત્તિ માટે નહીં.તેમણે એમ પણ કહ્યું કે તેમણે અને વાંગચુકે યુએન ક્લાઈમેટ ચેન્જ કોન્ફરન્સ સહિત અનેક આંતરરાષ્ટ્રીય પરિષદોમાં હાજરી આપી છે.

૧૫મી ઓગસ્ટ ૨૦૧૯ના રોજ જળ જીવન મિશનની શરૂઆત કરવામાં આવી હતી

# દેશના ૩.૫ કરોડ ઘરોમાં । ૪ હજારથી વધુ ગામડાઓમાં નળથી જળની સુવિધા નથી

**સ્વતંત્રતા મળ્યાના લગભગ સાત દાયકા બાદ પણ દેશમાં કુલ ૧૯.૬૧ કરોડ ગ્રામીણ ઘરો પૈકી ૩.૬૧ કરોડ ઘરોમાં નળથી જળ સુવિધા ઉપલબ્ધ નથી । ૪,૨૧૮ ગામડા એવા છે કે જ્યાં એકપણ ઘરમાં નળથી પાણી પહોંચતું નથી**

। નવીદિલ્હી, તા.૨૨ ।

સ્વતંત્રતા મળ્યાના લગભગ સાત દાયકા બાદ પણ દેશમાં કુલ ૧૯.૬૧ કરોડ ગ્રામીણ ઘરો પૈકી ૩.૬૧ કરોડ ઘરોમાં નળથી જળ સુવિધા ઉપલબ્ધ નથી. ૪,૨૧૮ ગામડા એવા છે કે જ્યાં એકપણ ઘરમાં નળથી પાણી પહોંચતું નથી. કેન્દ્રીય જળ શક્તિ મંત્રાલય ૨૬મી સપ્ટેમ્બર ૨૦૨૫ની સ્થિતિ પ્રમાણે આંકડાકીય માહિતી સામે આવી છે.

મંત્રાલય પ્રમાણે ૧૫મી ઓગસ્ટ ૨૦૧૯ના રોજ જળ જીવન મિશનની શરૂઆત કરવામાં આવી હતી અને આ ઝુંબેશ હેઠળ ૨૬મી સપ્ટેમ્બર સુધીમાં દેશમાં કુલ ૧૨.૪૭ કરોડ ગ્રામીણ ઘરોને નળથી જળ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે, જોકે હજુપણ દેશમાં ૪ રાજ્યો – રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, બિહાર અને આસામમાં ૫૦૦થી વધુ ગામડા એવા છે કે જ્યાં



એકપણ ગ્રામિણ ઘરમાં નળથી જળ ઉપલબ્ધ નથી.દેશમાં કુલ ૪,૨૧૮ ગામડા એ છે કે જ્યાં ઘરોમાં નળથી પાણી ઉપલબ્ધ થતું નથી. આ ૪,૨૧૮ ગામડા પૈકી ૧,૧૬૩ ગામડા તો માત્ર પાડોશી રાજ્ય રાજસ્થાનમાં છે. રાજસ્થાનના નળથી જળથી વંચિત આ ૧,૧૬૩ ગામડાઓમાં કુલ ૧.૫૧ લાખ ગ્રામીણ ઘરો આવેલા છે.

રાજસ્થાનના અજમેર જિલ્લામાં આવેલી કારકેરી પંચાયતમાં ૧,૬૭૩ ઘરોમાં અને અલ્વર જિલ્લાના બુરજા ગામના ૬૧૪ ઘરોમાં નળથી જળની સુવિધા નથી..આજ રીતે અલવરના રામસિંગપુરા ગામમાં ૩૧૦ ઘરો આવેલા છે અને તેમનામાં પણ નળ વડે ઘરોમાં પાણી પહોંચ્યું નથી.બિહારના ૭૭૫ ગામડા એવા છે કે જ્યાં એક પણ ઘરમાં નળથી જળ આવતું નથી. પ્રદેશના આ ૭૭૫ ગામડાઓમાં કુલ ૧ લાખથી વધુ ઘર આવેલા છે. ઔરંગાબાદના ઘાનાના ૮૨૧ અને અરરિયાના રાઘોપુરના ૩૫૩ ઘરોમાં પાણી નળથી પાણી ઉપલબ્ધ નથી.

ઉત્તરપ્રદેશના અલીગઢ જિલ્લામાં આવેલા ફરિદપુર ગામના ૩૧૯ અને નગલા કિસુનાના ૨૭૩ ઘરોમાં નળથી પાણી સપ્લાયની સુવિધા ઉપલબ્ધ નથી. યુપીના અમેઠી જિલ્લામાં આવેલો લાલપુર ગામ અને અમરોહા જિલ્લાનો ઈબ્રાહિમપુર ગામમાં પણ આ જ સમસ્યા છે.આસામના ૫૨૫ ગામડા અને મધ્યપ્રદેશના ૩૧૮ ગામડાઓમાં નળથી જળ સુવિધા ઉપલબ્ધ નથી. આસામના બોંગાઈગાંવ જિલ્લાના પચનુમ્બરચર ગામમાં ૫૦૦ ઘરો અને માતરાઘોલા ગામના ૩૩૩ ઘરોમાં નળથી જળ મારફતે પાણી પુરવઠો ઉપલબ્ધ નથી.

ભાગદોડમાં અત્યાર સુધીમાં ઓગણત્રીસ લોકો માર્યા ગયા

## ભાજપે કરુર નાસભાગમાં પીડિતોના પરિવારોને યોગ્ય વળતરની માંગ કરી

। ચેન્નાઇ, તા.૨૮ ।

તમિલનાડુના કરુરમાં અભિનેતા-રાજકારણી વિજયની રેલી દરમિયાન થયેલી ભાગદોડમાં અત્યાર સુધીમાં ઓગણત્રીસ લોકો માર્યા ગયા છે. તમિલનાડુ ભાજપ પ્રમુખ નયનર નાગેન્દ્રને રાજ્યની ડીએમકે સરકાર પાસે પીડિતોના પરિવારોને યોગ્ય વળતર આપ વાની માંગ કરી છે. ગઈકાલે બનેલી આ ઘટનામાં મોટી ભીડ એકઠી થયા બાદ ભાગદોડ મચી ગઈ હતી, જેના કારણે ઘણા લોકો બેભાન થઈ ગયા હતા. બાદમાં કેટલાક લોકોના મોત થયા હતા અને ઘણા લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા.તમિલનાડુ ભાજપ પ્રમુખ નયનર નાગેન્દ્રને અકસ્માત પર દુઃખ વ્યક્ત કર્યું હતું અને મૃતકોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. નાગેન્દ્રને પક્ષના નેતાઓને તાત્કાલિક હોસ્પિટલમાં જઈને ઘાયલોને મદદ કરવાનો પણ નિર્દેશ આપ્યો હતો.ઘટનાસ્થળે હાજર કેટલાક પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું હતું કે ભીડ એટલી મોટી હતી કે તેને કાબૂમાં લેવી અશક્ય બની ગઈ હતી. એક પ્રત્યક્ષદર્શી નંદ કુમારે જણાવ્યું હતું કે, "વિજયનો કાર્યક્રમ તેના નિર્ધારિત સમય કરતાં મોડો શરૂ થયો હતો, જેના કારણે લોકો બેચેન થઈ ગયા હતા. ઘણા લોકો ભૂખ્યા હતા અને બાળકો સાથે આવ્યા હતા. જેના કારણે ભીડ અચાનક બેકાબૂ બની ગઈ હતી." અન્ય એક પ્રત્યક્ષદર્શી સુરૈયાએ જણાવ્યું હતું કે, "ભીડ એટલી મોટી હતી કે એમ્બ્યુલન્સ પણ અંદર પ્રવેશી શકી નહીં. ઘાયલોને બહાર કાઢવામાં ઘણો સમય લાગ્યો."મૃતકોમાંથી એકના સંબંધીએ ઘટના પર ટિપ્પણી કરી, "અભિનેતા-રાજકારણી વિજય સવારે ૯ વાગ્યે આવવાના હતા, પરંતુ તેઓ ખૂબ મોડા પહોંચ્યા, જે ભીડ બેકાબૂ બનવાનું મુખ્ય કારણ છે અને લાંબા સમય સુધી ભૂખ અને તરસની રાહ જોયા પછી લોકો બેભાન થઈ ગયા. તેમણે એમ પણ કહ્યું કે મહિલાઓ અને બાળકોને આવી ઘટનાઓમાં ન લાવવા જોઈએ. આ ખૂબ જ પીડાદાયક અનુભવ છે."તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિને આ ઘટના પર ઊંડો શોક વ્યક્ત કર્યો. તેમણે મૃતકોના પરિવારજનોને ૧૦ લાખ અને ઘાયલોને ૧ લાખનું વળતર આપવાની જાહેરાત કરી.

### ન્યૂઝ બ્રિફ



## મુખ્યમંત્રી યોગીએ ૭ ઓક્ટોબરે ઉત્તર પ્રદેશમાં શાળાઓ અને કોલેજોમાં રજા જાહેર કરી

। લખનૌ, તા.૨૮ ।

ઉત્તર પ્રદેશની તમામ શાળાઓ અને કોલેજો આવતા મહિને ૭ ઓક્ટોબરે બંધ રહેશે. આ જાહેરાત રાજ્યના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ દ્વારા કરવામાં આવી હતી. મુખ્યમંત્રીએ મહર્ષિ વાલ્મીકિની જન્મજયંતિના સંદર્ભમાં આ રજા જાહેર કરી હતી. આ દિવસે તમામ શાળાઓ, કોલેજો, બેંકો અને સરકારી કચેરીઓ બંધ રહેશે. મુખ્યમંત્રીએ શ્રાવસ્તીમાં કહ્યું, "૭ ઓક્ટોબરે ભગવાન વાલ્મીકિની જન્મજયંતિ પર રાજ્યમાં રજા રહેશે. દરેક મંદિરમાં રામાયણનું અવિરત પાઠનું આયોજન કરવામાં આવશે." સીએમ યોગીએ તેમના હેન્ડલ પરથી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર રજા સંબંધિત એક પોસ્ટ પણ શેર કરી. એક્સ પોસ્ટમાં, સીએમ યોગીએ લખ્યું, "૭ ઓક્ટોબર ભગવાન મહર્ષિ વાલ્મીકિની પવિત્ર જન્મજયંતિ છે. અમે જાહેરાત કરી રહ્યા છીએ કે અમે તે દિવસે રાજ્યમાં રજા રાખીશું."નોંધનીય છે કે સીએમ યોગી આદિત્યનાથ શ્રાવસ્તી પહોંચ્યા હતા. આ મુલાકાત દરમિયાન, તેમણે ૫૧૦ કરોડના ૩૮ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું અને ૨૨ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કર્યો. રાજ્યના મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે વર્તમાન સરકાર "સબકા સાથ, સબકા વિકાસ" (બધાનો સાથ, બધાનો વિકાસ) ની નીતિ પર કામ કરી રહી છે.વિપક્ષ પર પ્રહાર કરતા તેમણે કહ્યું, "કેટલાક લોકોને વિકાસ ગમતો નથી. તેઓ તાલિબાન પ્રણાલીમાં માને છે. હું તેમને કહેવા માંગુ છું કે, તાલિબાન પ્રણાલી અને દારુલ ઈસ્લામ માટેની તેમની ઈચ્છા સ્વર્ગમાં પણ પૂર્ણ થશે નહીં."

## ચૂંટણી પંચની ટીમ ૪ અને ૫ ઓક્ટોબરે બિહારની મુલાકાત લેશે

। નવીદિલ્હી, તા.૨૮ ।

આગામી બિહાર વિધાનસભા ચૂંટણીની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. ભારતીય ચૂંટણી પંચ ૪ અને ૫ ઓક્ટોબરે બિહારની મુલાકાત લેશે અને તેની તૈયારીઓને અંતિમ સ્વરૂપ આપશે. ચૂંટણી પંચના અધિકારીઓની આ મુલાકાતથી ટૂંક સમયમાં ચૂંટણીની તારીખોની જાહેરાત થવાની ધારણા છે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે રાજ્યમાં ૬ કે ૭ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ આચારસંહિતા લાગુ થઈ શકે છે, પરંતુ હજુ સુધી આ વાતની પુષ્ટિ થઈ નથી.અહેવાલો અનુસાર, મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના નેતૃત્વમાં કમિશનની એક ટીમ બિહારની મુલાકાત લેશે. આ મુલાકાત દરમિયાન, ચૂંટણી કમિશનર મુખ્ય સચિવ, પોલીસ મહાનિર્દેશક, મુખ્ય ચૂંટણી અધિકારી અને અન્ય અધિકારીઓ સાથે બેઠકો કરશે. બેઠક દરમિયાન, ચૂંટણી કમિશનર બિહારના દરેક જિલ્લાની મતદાર યાદીઓની બારીકાઈથી તપાસ કરશે અને બિહારમાં ચૂંટણી માટે કરવામાં આવેલી તૈયારીઓની સમીક્ષા કરશે.બિહાર મુલાકાત પહેલાં, ચૂંટણી પંચની એક બેઠક ૩ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ ઈન્ડિયા ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડેમોક્રેસી એન્ડ ઈલેક્શન મેનેજમેન્ટ, દ્વારકા, દિલ્હી ખાતે યોજાશે.

## ડીએમકેએ ટીવીકે ચીફ વિજય પર 'ઈરાદાપૂર્વક ભેગી' કરવાનો આરોપ લગાવ્યો

। મોરેના, તા.૨૮ ।

તમિલનાડુના કરુર જિલ્લામાં ટીવીકે ચીફ અને અભિનેતા વિજય દ્વારા આયોજિત રેલીમાં ભાગદોડમાં ૩૮ લોકો માર્યા ગયા. ડીએમકેએ અકસ્માત અંગે અભિનેતા વિજય પર ગંભીર આરોપ લગાવ્યા છે. ડીએમકેના પ્રવક્તા સરવનન અન્નાદુરાઈએ જણાવ્યું હતું કે રેલીમાં ભીડ જાણી જોઈને એકઠી કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે માતાપિતા તેમના બાળકો માટે શોક વ્યક્ત કરી રહ્યા છે તે દ્રશ્યો "અત્યંત હેરાન કરનાર" હતા. મૃતકોમાં ૧૦ બાળકો અને ૧૭ મહિલાઓનો સમાવેશ થાય છે.

## સત્ય તપાસ પંચ દ્વારા બહાર આવશે, અને કડક કાર્યવાહી કરવામાં આવશે : સીએમ સ્ટાલિન

। ચેન્નાઇ, તા.૨૮ ।

તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિને કરુર ભાગદોડ અંગે કહ્યું કે ઘટનાનું સત્ય તપાસ પંચ દ્વારા બહાર આવશે. સત્ય બહાર આવ્યા પછી કડક કાર્યવાહી કરવામાં આવશે. તેમણે કહ્યું, "હું હાલમાં રાજકીય કારણોસર કોઈ ટિપ્પણી કરવા માંગતો નથી."કરુરમાં તમિલનાડુ વેટ્રી કઝગમ (ટીવીકે) ના વડા અને અભિનેતા વિજયની રેલીમાં ભાગદોડ મચી ગઈ હતી. આ ઘટનામાં ઓગણત્રીસ લોકો માર્યા ગયા હતા. ત્યારબાદ મુખ્યમંત્રી એમકે સ્ટાલિન કરુર જવા રવાના થયા હતા. ચેન્નાઈથી ત્રિચી પહોંચ્યા બાદ, તેઓ રોડ માર્ગે કરુર ગયા હતા, જ્યાં તેમણે નાસભાગમાં માર્યા ગયેલા લોકોને શ્રદ્ધાંજલિ આપી હતી અને પીડિતોના પરિવારજનો સાથે મુલાકાત કરી હતી.મુખ્યમંત્રીએ સરકારી મેડિકલ કોલેજ અને હોસ્પિટલની પણ મુલાકાત લીધી હતી, જ્યાં તેમણે ઘાયલોને મળ્યા હતા. આ દરમિયાન, સીએમ સ્ટાલિને કહ્યું, "તપાસ પંચ દ્વારા સત્ય બહાર આવશે. હું રાજકીય કારણોસર કંઈ કહેવા માંગતો નથી. તપાસ પંચ દ્વારા સત્ય બહાર આવ્યા પછી ચોક્કસપણે કડક કાર્યવાહી કરવામાં આવશે."મુખ્યમંત્રી સ્ટાલિને વધુમાં જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં ૩૯ લોકોના મોત થયા છે. હાલમાં, ૫૧ લોકો સઘન સંભાળ એકમમાં સારવાર હેઠળ છે. તેમણે કહ્યું, "આપણા રાજ્યના ઈતિહાસમાં ક્યારેય કોઈ રાજકીય પક્ષ દ્વારા આયોજિત કાર્યક્રમમાં આટલી મોટી સંખ્યામાં લોકોએ જીવ ગુમાવ્યો નથી, અને આવી દુર્ઘટના ફરી ક્યારેય ન બનવી જોઈએ.

**૯૫થી વધુ ઈજાગ્રસ્ત | ટીવીએમની રેલીમાં ભારે અફરાતફરીના કારણે નાસભાગ સર્જાઈ હતી । ભારે ધક્કામુક્કીના કારણે રેલી દરમિયાન અનેક લોકો બેભાન થઈ ગયા**

# તમિલનાડુમાં અભિનેતા વિજય થલપતિની રેલીમાં નાસભાગ, મૃતકાંક ૩૯ થયો

। મોરેના, તા.૨૨ ।

ટીવીએમની રેલીમાં ભારે અફરાતફરીના કારણે નાસભાગ સર્જાઈ હતી. ભારે ધક્કામુક્કીના કારણે રેલી દરમિયાન અનેક લોકો બેભાન થઈ ગયા. જેમને તાત્કાલિક સારવાર માટે એમ્બ્યુલન્સમાં લઈ જવા પડ્યા હતા. રેલીમાં આવેલા નાના બાળકોની તબિયત પણ લથડી હતી. આ દુર્ઘટનામાં ૩૯ લોકોએ જીવ ગુમાવ્યા છે, મોતનો આંકડો હજુ પણ વધે તેવી આશંકા છે. હાલમાં હોસ્પિટલમાં ૯૫ લોકોની સારવાર ચાલી રહી છે. ખુદ આ મામલે મુખ્યમંત્રી સ્ટાલિન સક્રિય થયા છે. કરુરમાં નાસભાગની દુર્ઘટનાનો મૃત્યુઆંક હવે ૩૯ પર પહોંચી ગયો છે. મુખ્યમંત્રી ડીએમકે સ્ટાલિને નિર્દેશ આપ્યો છે કે હોસ્પિટલમાં



દાખલ કરાયેલા તમામ લોકોને શ્રેષ્ઠ તબીબી સારવાર મળે. દરમિયાન, પોલીસે જણાવ્યું હતું કે નાસભાગમાં ઈજાગ્રસ્ત ૯૫ લોકોને હોસ્પિટલોમાં સારવાર આપવામાં આવી રહી છે.

તમિલનાડુના મુખ્યમંત્રી સ્તાલિને આપેલી માહિતી અનુસાર કરુર નાસભાગમાં કુલ ૩૬ લોકોએ જીવ ગુમાવ્યા છે. જેમાં આઠ બાળકો અને ૧૬ મહિલાઓના મોત થયા છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તમિલનાડુના મુખ્યમંત્રી તથા રાજ્યપાલ સાથે ટેલિફોનિક વાતચીત કરી છે. મીડિયા અહેવાલ અનુસાર કેન્દ્રીય ગૃહમંત્રાલયે દુર્ઘટનાનો રિપોર્ટ પણ રાજ્ય સરકાર પાસેથી માંગ્યો છે.

તમિલનાડુના આરોગ્ય મંત્રીએ સમગ્ર મામલે સત્તાવાર માહિતી આપતા જણાવ્યું કે ૨૯ લોકોએ જીવ ગુમાવ્યા છે જ્યારે ૪૫થી વધુ હાલ સારવાર હેઠળ છે.

તમિલનાડુના વિપક્ષના નેતા પલાનીસ્વામીએ પોસ્ટ કરી કરુર નાસભાગમાં ૨૯ લોકોની આશંકા વ્યક્ત કરી છે. આ સાથે જ તેમણે શોક વ્યક્ત કર્યો તથા છૈછઢરુદ્રના નેતાઓને તાત્કાલિક સરકારી હોસ્પિટલમાં મદદ માટે પહોંચવા સૂચન કર્યું હતું.

ટીવીએમની રેલીમાં ભારે અફરાતફરીના કારણે નાસભાગ સર્જાઈ હતી. ભારે ધક્કામુક્કીના કારણે રેલી દરમિયાન અનેક લોકો બેભાન થઈ ગયા. જેમને તાત્કાલિક સારવાર માટે એમ્બ્યુલન્સમાં લઈ જવા પડ્યા હતા. રેલીમાં આવેલા નાના બાળકોની તબિયત પણ લથડી હતી. આ દુર્ઘટનામાં ૩૯ લોકોએ જીવ ગુમાવ્યા છે, મોતનો આંકડો હજુ પણ વધે તેવી આશંકા છે. હાલમાં હોસ્પિટલમાં ૯૫ લોકોની સારવાર ચાલી રહી છે. ખુદ આ મામલે મુખ્યમંત્રી સ્ટાલિન સક્રિય થયા છે

# ઈઝરાયલના હવાઈ હુમલાથી ગાઝા ધણધણી ઉઠ્યું । ૩૨ લોકોએ ગુમાવ્યા જીવ





ગાઝા : ઈઝરાયલના હવાઈ હુમલાથી ગાઝા ધણધણી ઉઠ્યું છે. ગાઝાના સ્વાસ્થ્ય અધિકારીઓએ જણાવ્યું કે, આ હવાઈ હુમલામાં રાત સુધીમાં ઓછામાં ઓછા ૩૨ લોકોના મોત નીપજ્યા છે. યુદ્ધ વિરામ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે દબાણની સ્થિતિ છે, તેવા સમયે ઈઝરાયલે ગાઝા પર હવાઈ હુમલો કર્યો. આ દરમિયાન ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ હજુ પણ યુદ્ધ યથાવત રાખવાના પક્ષમાં છે.મધ્ય અને ઉત્તરી ગાઝામાં શનિવારે(૨૭ સપ્ટેમ્બર) થયેલા હવાઈ હુમલામાં અનેક લોકોના પોતાના ઘરમાં જ મોત થયા. અલ-અવદા હોસ્પિટલના કર્મચારીના જણાવ્યા અનુસાર, નુસેરાત શરણાર્થી શિબિરના એક જ પરિવારના ૯ લોકોના જીવ ગયા છે. આ હુમલો એવા સમયે થયો જ્યારે નેતન્યાહૂએ ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાને સંબોધિત કરતી વખતે કહ્યું હતું કે, 'હમાસ સામે પૂરી રીતે કામ ખત્મ કરવા ઈચ્છીએ છીએ.'ઈઝરાયલ પર યુદ્ધ વિરામ કરવા માટે આંતરાષ્ટ્રીય દબાણ વધી રહ્યું છે. વિશ્વભરના ઘણા દેશોએ તાજેતરમાં પેલેસ્ટાઈનને એક સ્વતંત્ર રાજ્ય તરીકે માન્યતા આપી છે, જેને ઈઝરાયલ સ્વીકારતું નથી. યુનાઈટેડ સ્ટેટ્સના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને ઘણા દેશો દ્વારા ઈઝરાયલ પર યુદ્ધવિરામ માટે દબાણ કરવા વિનંતી કરવામાં આવી છે.

## જોન અબ્રાહમ આગામી ફિલ્મમાં મિનાક્ષી ચૌધરી સાથે જોડી જમાવશે



। મુંબઇ, તા.૨૮ ।

જોન અબ્રાહમ ફોર્સ ઉની તૈયારી કરી રહ્યો છે. આ એક પહેલાની બે ફિલ્મોની જેમ એક સુપરહિટ ફિલ્મ બનશે. અભિનેતાઓ પોતાની ફિલ્મ માટે સાઉથની અભિનેત્રી મિનાક્ષી ચૌધરીને સાઈન કરી છે. અભિનેત્રી ફોર્સ ૩ દ્વારા બોલીવૂડમાં ડેબ્યુ કરશે. આ પ્રોજેક્ટનું નવેમ્બર ૨૦૨૫માં શૂટિંગ શરૂ કરવામાં આવશે અને ઓક્ટોબર ૨૦૨૬ સુધી શૂટિંગ પૂરુ કરવાની યોજના છે. અભિનેતા રોહિત શેટ્ટી દિગ્દર્શિત કેશ મારિયાની બાયોપિક પર કામ કરી રહ્યો છે. જે પુરી થતા તરત જ ફોર્સ ઉની તૈયારી કરશે. એક રિપોર્ટના અનુમાન મુજબ ફોર્સ ઉમાં જોન અબ્રાહમની સાથે સાઉથ ઈન્ડસ્ટ્રીની જાણીતી અભિનેત્રી મિનાક્ષી ચૌધરી જોડી બનાવશે અને બોલીવૂડની તેની આ ડેબ્યુ ફિલ્મ બનશે.રિપોર્ટમાં વધુ જણાવામાં આવ્યું હતું કે જોન અબ્રાહમે ઘણી અભિનેત્રીઓના ઓડિશન લીધા પછી મિનાક્ષીને પસંદ કરી છે. ફિલ્મમાં અભિનેત્રીની ભૂમિકા તેમની માફક એક્શન બેસ્ડ હશે, આના માટે તેને વિશેષ તાલીમ લેવી પડશે. ફોર્સ ઉને એક 'સોફ્ટ રીબૂટ'ની માફક તૈયાર ક રવામાં આવી રહી છે. એટલે કે ફિલ્મની વાર્તામાં નવું ટ્વિસ્ટ અને નવી શરૂઆત હશે. જો કે ફ્રેન્ચાઈઝીમાં પહેલી બે ફિલ્મોની માફક એક્શન અને રોમાંચની ફ્લેવર બરાબર હશે.

'એચ૧બી વિઝા પ્રોગ્રામમાં મોટા સુધારા કરવાની જરૂરત'

## એચ૧બી વિઝા ઉપર ફી વધારા બાદ અમેરિકન વર્કર્સને જ પ્રાથમિકતા અપાય તેવું બિલ લાવવાની તૈયારી શરૂ

**સેક્રેટરી લોરી ચાવેઝ-ડીરેમરે કહ્યું કે,એચ૧બી વિઝાના દુરુપયોગને રોકવા માટે પગલાં લઈને, રાષ્ટ્રપ્રમુખ અમેરિકન કામદારોનું રક્ષણ કરી રહ્યા છે અને અમેરિકનો માટે નોકરીઓ રહે તે સુનિશ્ચિત કરી રહ્યા છે**

। વોશિંગ્ટન, તા.૨૯ ।

અમેરિકન સેનેટર ટૉમ કૉટને શુક્રવારે (૨૭ સપ્ટેમ્બર) એચ૧બી વિઝા પ્રોગ્રામમાં મોટા સુધારા કરવાની જરૂરત પર ધ્યાન આપ્યું હતું અને ઘોષણા કરી કે, આગામી અઠવાડિયામાં સખ્ત દેખરેખ અને અમેરિકાના કામદારોને પ્રાથમિકતા આપવા માટે એક નવો કાયદો રજૂ કરીશું.તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર લખ્યું કે, 'રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પ અને સેક્રેટરી લૉરી ચાવેઝ-ડીરેમર બિલકુલ સાચા છે કે એચ૧બી પ્રોગ્રામમાં સુધારાની જરૂર છે. આવતા અઠવાડિયે હું બે બિલ રજૂ કરીશ, જે આ પ્રોગ્રામમાં ખૂબ જ જરૂરી ફેરફારો કરશે અને અમેરિકન કામદારોને પ્રથમ સ્થાન આપશે.'

યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ લેબર દ્વારા 'પ્રોજેક્ટ ફાયરવૉલ' લૉન્ચ કરવામાં આવ્યું છે, એવા સમયે અમેરિકાના સેનેટર ટૉમ કૉટનું આ નિવેદન સામે આવ્યું છે. 'પ્રોજેક્ટ ફાયરવૉલ'ને એચ૧બી પ્રોગ્રામના ઈતિહાસમાં સૌથી આક્રમક અભિયાનોમાંથી એક ગણાવામાં આવી રહ્યો છે.

સેક્રેટરી લૉરી ચાવેઝ-ડીરેમરે કહ્યું કે,એચ૧બી વિઝાના દુરુપયોગને રોકવા માટે પગલાં લઈને, રાષ્ટ્રપ્રમુખ અમેરિકન કામદારોનું રક્ષણ કરી રહ્યા છે અને અમેરિકનો માટે નોકરીઓ રહે તે સુનિશ્ચિત કરી રહ્યા છે.'




યુએસ લેબર ડિપાર્ટમેન્ટે આ અઠવાડિયાના શરૂઆતમાં પ્રોજેક્ટ ફાયરવૉલની જાહેરાત કરી. આ એક અમલીકરણ પહેલ છે, જેનો હેતુ એચ૧બી વિઝા પ્રક્રિયાના દુરુપયોગને અટકાવીને અમેરિકન કામદારોના અધિકારો અને નોકરીની તકોનું રક્ષણ કરવાનો છે.

ભારત, જેમાં એચ૧બી વિઝા ધરાવતા વ્યાવસાયિકોની સંખ્યા સૌથી વધુ છે, ત્યારે અમેરિકાના આ નિર્ણય પર સાવધાનીપૂર્વક પ્રતિક્રિયા આપી છે. વિદેશ મંત્રી એસ. જયશંકરે ગુરુવારે કહ્યું હતું કે 'આજના એકબીજા સાથે જોડાયેલા વિશ્વને "ગ્લોબલ વર્કફોર્સ"ની જરૂર છે, જેને ખાલી ડેમોગ્રાફીથી પૂરા શકાતા નથી. દુનિયાને એક આધુનિક અને કુશળ ગ્લોબલ વર્કફોર્સ મોડલ બનાવાની જરૂર છે, જે વૈશ્વિક કાર્યસ્થળોમાં વિપરિત રહે.'

અમેરિકન સેનેટર ટૉમ કૉટને શુક્રવારે (૨૭ સપ્ટેમ્બર) એચ૧બી વિઝા પ્રોગ્રામમાં મોટા સુધારા કરવાની જરૂરત પર ધ્યાન આપ્યું હતું અને ઘોષણા કરી કે, આગામી અઠવાડિયામાં સખ્ત દેખરેખ અને અમેરિકાના કામદારોને પ્રાથમિકતા આપવા માટે એક નવો કાયદો રજૂ કરીશું.

**ચારેય દેશના વિદેશ મંત્રીઓની બેઠક મળી**

## અમેરિકા સામે પાકિસ્તાન સહિત ૪ દેશોએ એકજૂટ થઈ બાંયો ચઢાવી

**અફઘાનિસ્તાનના નજીકના પડોશીઓ, ચીન, રશિયા, ઈરાન અને પાકિસ્તાને, તેમના પ્રદેશની નજીક કોઈપણ સેનાના ઠેકાણાનો વિરોધ વધુ તીવ્ર બનાવી દીધો**

। વોશિંગ્ટન, તા.૨૮ ।

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અફઘાનિસ્તાનના બગરામમાં સેના ઠેકાણાને પાછું મેળવવાના પ્રયાસો શરૂ કર્યા છે, ત્યારથી આ વિસ્તારના ચાર દેશો અશાંતિમાં છે. અફઘાનિસ્તાનના નજીકના પડોશીઓ, ચીન, રશિયા, ઈરાન અને પાકિસ્તાને, તેમના પ્રદેશની નજીક કોઈપણ સેનાના ઠેકાણાનો વિરોધ વધુ તીવ્ર બનાવી દીધો છે.અહેવાલો અનુસાર, આ દેશોએ કાબુલની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતા માટે ખતરો પણ માન્યો. સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના ૮૦મા સત્રમાં ચીન, ઈરાન, પાકિસ્તાન અને રશિયાના વિદેશ મંત્રીઓની બેઠક મળી હતી અને પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે એક સંયુક્ત નિવેદન બહાર પાડ્યું હતું.નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ચારેય પક્ષોએ ભાર મૂક્યો હતો કે અફઘાનિસ્તાનની સાર્વભૌમત્વ, સ્વતંત્રતા અને પ્રાદેશિક અખંડિતતાનું સન્માન કરવું જોઈએ. અફઘાનિસ્તાનમાં અથવા તેની આસપાસ કોઈપણ સેનાના ઠેકાણા પ્રાદેશિક શાંતિ અને સુરક્ષા માટે જોખમી બની શકે છે.નાટો દેશોએ અફઘાનિસ્તાનની દુર્દશાની જવાબદારી લેવી જોઈએ અને તેને આર્થિક સુધારણા અને ભવિષ્યના વિકાસ અને સમૃદ્ધિની તકો પૂરી પાડવી જોઈએ. આ દેશોએ અફઘાનિસ્તાનમાં ઈસ્લામિક સ્ટેટ ઓફ ઈરાક એન્ડ ધ લેવન્ટ , અલ કાયદા, તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન બલુચિસ્તાન લિબરેશન આર્મી, માજીદ બ્રિગેડ અને અન્ય આતંકી જૂથોની વધતી જતી પ્રવૃત્તિને પ્રાદેશિક અને વૈશ્વિક શાંતિ માટે ખતરો ગણાવ્યો છે.અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અફઘાનિસ્તાનના બગરામમાં સેના ઠેકાણાને પાછું મેળવવાના પ્રયાસો શરૂ કર્યા છે, ત્યારથી આ વિસ્તારના ચાર દેશો અશાંતિમાં છે. અફઘાનિસ્તાનના નજીકના પડોશીઓ, ચીન, રશિયા, ઈરાન અને પાકિસ્તાને, તેમના પ્રદેશની નજીક કોઈપણ સેનાના ઠેકાણાનો વિરોધ વધુ તીવ્ર બનાવી દીધો છે.અહેવાલો અનુસાર, આ દેશોએ કાબુલની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતા માટે ખતરો પણ માન્યો. સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના ૮૦મા સત્રમાં ચીન, ઈરાન, પાકિસ્તાન અને રશિયાના વિદેશ મંત્રીઓની બેઠક મળી હતી અને પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે એક સંયુક્ત નિવેદન બહાર પાડ્યું હતું.

## તૃપ્તિ ડીમરીએ સેમ મર્ચન્ટ સાથેના સંબંધ પર સ્પષ્ટતા કરી



। મુંબઇ, તા.૨૮ ।

તૃપ્તિ ડીમરી અને સેમ મર્ચન્ટ એક બીજાને ડેટ કરી રહ્યા હોવાની ચર્ચા છે. જોકે અત્યાર સુધી તેમણે પોતાના સંબંધો બાબત ખુલાસો કર્યો નહોતો. જોકે હવે તૃપ્તિ ડિમીએ પોતાના રિલેશનશિપને લઈને ચુપકીદી તોડી છે. તૃપ્તિએ કહ્યું છે કે, સંબંધોમાં હોવું જરૂરી નથી. લોકોના વિચાર જ એવા હોય છે કે, જો કોઈ વ્યક્તિ એકલી હોય તો એ વ્યક્તિમાં જ ખોટ છે. મતલબ કે લોકો મારામાં ખોટ સમજે છે. પરંતુ સંબંધમાં હોવું ન હોવું એ વ્યક્તિની પર્સનાલિટી સાથે જોડાયેલું નથી. મને બુલબુલની દિગ્દર્શક અનવિતા દત્તે શીખવ્યું છે કે, સિંગલ હોવું એ કોઈ ખોટું કે ખરાબ નથી. જિંદગીમાં રોમાન્સ ન હોય તો કાંઈ ખોટું નથી. જિંદગીમાં કરવાનું ઘણું બધું હોય છે. ફક્ત એક ચીજ માટે દુ:ખી હોવાની જરૂર નથી. ઉલ્લેખનીય છે કે, તૃપ્તિ ડિમરી એક બિઝનેસમેન અને મોડલ સેમ મર્ચન્ટ સાથે ડેટ કરી રહી છે. હવે અભિનેત્રીએ આ બાબતે સ્પષ્ટતા કરીને પોતાના વિશે જણાવી દીધું છે. તૃપ્તિએ રણબીર કપૂર સાથે અનિમલ ફિલ્મમાં કામ કરીને લોકપ્રિયતા મેળી છે. તે પોતાના બોલ્ડ અંદાજ માટે જાણીતી છે. તે સોશયલ મીડિયા પર પણ ઘણી એક્ટિવ રહે છે. તૃપ્તિ ડીમરી અને સેમ મર્ચન્ટ એક બીજાને ડેટ કરી રહ્યા હોવાની ચર્ચા છે. જોકે અત્યાર સુધી તેમણે પોતાના સંબંધો બાબત ખુલાસો કર્યો નહોતો. જોકે હવે તૃપ્તિ ડિમીએ પોતાના રિલેશનશિપને લઈને ચુપકીદી તોડી છે.

## અમેરિકામાં માથાફરેલ યુવકનો રેસ્ટોરન્ટમાં અંધાધૂંધ ગોળીબાર, ૩ના મોત, અનેક ઈજાગ્રસ્ત

। વોશિંગ્ટન, તા.૨૮ ।

અમેરિકામાં રાત્રે એક શૂટરે આડેધડ ફાયરિંગ કરતાં ત્રણ લોકોના મોત થયા હતાં, જ્યારે અનેક ઘાયલ થયા હતાં. નોર્થ કેરોલિનામાં આવેલી એક રેસ્ટોરન્ટમાં એક શૂટરે બોટમાંથી આડેધડ ફાયરિંગ કર્યુ હતું. જેથી રેસ્ટોરન્ટમાં અફરાતફરી મચી હતી.નોર્થ કેરોલિનામાં પ્રચલિત પબ અને રેસ્ટોરન્ટ અમેરિકન ફિશ કંપનીમાં શનિવારે રાત્રે લગભગ ૯.૩૦ વાગ્યે એક શૂટર બોટમાં બેસીને આવ્યો હતો. અને તેણે બોટ પરથી જ રેસ્ટોરન્ટ પર આડેધડ ફાયરિંગ કર્યુ હતું. આ રેસ્ટોરન્ટ વિલ્મિંગટનથી ૨૦ માઈલ દૂર સાઉથપોર્ટ યાટ બેસિન વિસ્તારમાં ૧૫૦ યાટ બેસિન ડ્રાઈવ પર આવેલી છે. પોલીસે જણાવ્યા અનુસાર, આ ફાયરિંગમાં ત્રણ લોકોના ઘટનાસ્થળે મોત થયા હતાં. જ્યારે સાત લોકો ગંભીર રૂપે ઈજાગ્રસ્ત પામ્યા હતા. ઈજાગ્રસ્તોને તુરંત નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. સીટી મેનેજર નોહ સાલ્ડો આ ઘટનાના પ્રત્યક્ષદર્શી હતા. તેમણે જણાવ્યું કે, શૂટર બોટમાંથી નીચે ઉતરી રેસ્ટોરન્ટ તરફ ધસી આવ્યો હતો. અને ભીડ પર ફાયરિંગ શરૂ કર્યુ હતું. આ ઘટનામાં અનેકને ઈજા થઈ હતી. જેમાં ઘણા ગંભીર હોવાથી મોતનો આંકડો વધવાની શક્યતા છે. શહેરના વહીવટીતંત્રે રહેણાંકોને ઘટના સ્થળથી દૂર રહેવા અપીલ કરી છે. હુમલાખોર સાયકો હોવાની આશંકા સાથે લોકોને ઘરમાં જ રહેવા પણ અપીલ કરી છે.

## ટ્રમ્પ અને પત્ની મેલેનિયા વચ્ચે ઝઘડો? હેલિકોપ્ટરમાં આંગળી બતાવતો વીડિયો વાઈરલ, લિપ રીડર્સે કરી સ્પષ્ટતા

। વોશિંગ્ટન, તા.૨૯ ।

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના પત્ની મેલેનિયા ટ્રમ્પનો અમેરિકન પ્રમુખના હેલિકોપ્ટર (મરીન વન)માં થયેલો એક તણાવપૂર્ણ સંવાદ સમગ્ર વિશ્વમાં ચર્ચાનો વિષય બન્યો છે. આ વાઈરલ વીડિયોમાં ટ્રમ્પ મેલેનિયા તરફ આંગળી ચીંધીને કંઈક કહી રહ્યા હતા, જેના કારણે તેમના સંબંધો વિશે અનેક અટકળો શરૂ થઈ ગઈ હતી.મંગળવારે યુએનભવનમાં પ્રવેશ કરતી વખતે ટ્રમ્પ દંપતી એસ્કેલેટર દ્વારા ઉપર જઈ રહ્યું હતું. અચાનક એસ્કેલેટર વચ્ચે જ અટકી ગયું, જેના કારણે મેલેનિયાને આંચકો લાગ્યો અને તે થોડી અસંતુલિત થઈ ગયા. ટ્રમ્પે પાછળથી પોતાના યુએન ભાષણમાં આ ઘટનાનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું, 'જો મેલેનિયાની તબિયત સારી ન હોત તો તે પડી ગયા હોત.'વ્હાઈટ હાઉસે તરત જ આ મામલે તપાસની માંગ કરી અને આરોપ લગાવ્યો કે એસ્કેલેટર ઈરાદાપૂર્વક રોકવામાં આવ્યું હોઈ શકે છે. પ્રેસ સચિવ કેરોલિન લિવિટે કહ્યું હતું કે જો આવું ઈરાદાપૂર્વક થયું હોય તો જવાબદાર લોકો સામે કાર્યવાહી થવી જોઈએ. જોકે, સંયુક્ત રાષ્ટ્રના અધિકારીઓએ સ્પષ્ટતા કરી કે વીડિયોગ્રાફરે અજાણતામાં સુરક્ષા સેન્સરને ટ્રિપ એક્ટીવ કરી દીધું હોવાથી આ ઘટના બની હતી. વીડિયોમાં તણાવપૂર્ણ ક્ષણ હોવા છતાં, હેલિકોપ્ટરમાંથી ઊતર્યા પછી આ દંપતી સાઉથ લૉન પર એકબીજાનો હાથ પકડીને ચાલતા જોવા મળ્યા. જોકે, નિષ્ણાતોએ તેમની બોડી લેંગ્વેજને ઔપચારિક અને કડક ગણાવી છે.જોકે મીડિયા રિપોટ્ર્સ અનુસાર લિપ રીડર્સે આ અટકળો પર ઘણે અંશે વિરામ મૂકી દીધો છે. તેમનું કહેવું છે કે આ ઝઘડો મેલેનિયાને લઈને નહીં, પરંતુ સંયુક્ત રાષ્ટ્ર (યુએન)ના મુખ્યાલયમાં થયેલી એસ્કેલેટરની ખરાબી અંગે હતો અને આ અંગે જ બંને ચર્ચા કરી રહ્યા હતા.

**ગુજરાતમાંથી ટેક્ષટાઈલ, હીરા ઉદ્યોગ પછી ફાર્મા કંપનીઓ પર સકંજો**

**કિચન કેબિનેટ અને બાથરૂમ ફીટીંગ્સ પર ૫૦ ટકા, અપહોસ્ટર્ડ ફર્નિચર પર ૩૦ ટકા, હેવી ટ્રક પર ૨૫ ટકા ટેરિફ ૧ ઓક્ટો.થી લાગુ**

## ડોનાલ્ડ ટ્રમ્પનું નવું ગતકડું : અમેરિકામાં આયાત થતી દવાઓ પર ૧૦૦ ટકા ટેરિફ

। વોશિંગ્ટન, તા.૨૯ ।



અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આજે નવા ટેરિફની જાહેરાત કરતા ફાર્મા, ફર્નિચર અને ઓટો ઉદ્યોગને મોટો ફટકો આપ્યો છે. અમેરિકા ફર્સ્ટ નીતિ હેઠળ પ્રમુખ ટ્રમ્પના આ નવા દંડાત્મક ટેરિફનો અમલ ૧લી ઑક્ટોબરથી થશે. ટ્રમ્પે બ્રાન્ડેડ દવાઓ પર ૧૦૦ ટકા, કીચન કેબિનેટ તથા બાથરૂમ ફીટિંગ્સ પર ૫૦ ટકા, અપહોસ્ટર્ડ ફર્નિચર પર ૩૦ ટકા અને હેવી ટ્રક્સ પર ૨૫ ટકા ટેરિફ નાંખવાની જાહેરાત કરી છે. ટ્રમ્પની આ જાહેરાતના પગલે ભારતમાં ટોચની ફાર્મા કંપનીઓના શૅરમાં કડાકો બોલાયો હતો.અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર ૫૦ ટકા ટેરિફ નાંખ્યા પછી બંને દેશોના સંબંધો વણસ્યા હતા. જોકે, ટ્રમ્પે સકારાત્મક સંકેતો આપ્યા પછી ભારત અને અમેરિકા વચ્ચે ફરીએક વખત દ્વિપક્ષીય વેપાર વાટાઘાટો શરૂ થઈ છે. અમેરિકા સાથે દ્વિપક્ષીય વેપાર વાટાઘાટો માટે વાણિજ્ય મંત્રી પીયુષ ગોયલના નેતૃત્વમાં ભારતીય ટીમ ન્યૂયોર્ક ગઈ હતી. આ ટીમ પાછી ફર્યાના બીજા જ દિવસે અમેરિકન પ્રમુખ ટ્રમ્પે દવાઓ, ફર્નીચર અને હેવી ટ્રક્સ પર ૧૦૦ ટકાથી લઈને ૨૫ ટકા સુધી ટેરિફ નાંખ્યો છે.અમેરિકન પ્રમુખ ટ્રમ્પે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ-સોશ્યલ પર અમેરિકન સમય મુજબ ગુરુવારે બ્રાન્ડેડ અથવા પેટન્ટવાળી દવાઓ પર ૧૦૦ ટકા, કિચન કેબિનેટ અને બાથરૂમ વેનિટી પર ૫૦ ટકા, અપહોલસ્ટર્ડ ફર્નિચર પર ૩૦ ટકા અને હેવી ટ્રક્સ પર ૨૫ ટકા ટેરિફ નાંખવાની જાહેરાત કરી છે, જેનો અમલ ૧ ઑક્ટોબરથી શરૂ થશે. ટ્રમ્પની આ પોસ્ટ દર્શાવે છે કે ઑગસ્ટમાં શરુ કરાયેલા વેપાર માળખા અને આયાત કર સાથે ટેરિફ પ્રત્યે ટ્રમ્પનું વળગણ ખતમ નથી થયું. ટ્રમ્પનું સ્પષ્ટ માનવું છે કે ટેરિફ સરકારની બજેટ ખાધ ઘટાડવામાં અને સ્થાનિક ઉત્પાદન વધારવામાં મદદ કરશે.ટ્રમ્પે દવાઓ પર ટેરિફ જાહેર કરવાની સાથે જ ભારતમાં શૅરબજારમાં ભારતીય ફાર્મા કંપનીઓ પર તેની વિપરિત અસર પડી હતી. ટ્રમ્પના ટેરિફથી ભારતની ફાર્મા કંપનીઓની નિકાસ પર વ્યાપક અસર પડશે તેવી અટકળો થઈ રહી છે. ભારતીય કંપનીઓના શૅરોમાં મોટો કડાકો જોવા મળ્યો હતો. ભારતે ૨૦૨૪માં ૩.૬ બિલિયન ડોલર્સ (રૂ. ૩૧,૬૨૬ કરોડ)ની કિંમતની દવાઓ અમેરિકાને વેચી હતી. ૨૦૨૫ના જૂન સુધીમાં જ ૩.૭ બિલિયન ડોલર્સ (રૂ. ૩૨,૫૦૫)ની કિંમતની દવાઓ અમેરિકાને વેચી છે.અમેરિકાએ વર્ષ ૨૦૨૪માં ૨૩૩ બિલિયન ડોલર્સની ફાર્માસ્યુટિકલ પ્રોડક્ટસ આયાત કરી હતી. તેમાં મેડીસીનલ પ્રોડક્ટસનો પણ સમાવેશ થતો હતો. હવે આ નવો પ્રચંડ ટેરિફ લાગુ પડતાં દવાઓના ભાવમાં બમણાથી પણ વધુ વધારો થાય જ.

**કલાઉડ સર્વિસ બંધ**

**ગાઝામાં ૮૦ના અને હુથી હુમલાખોરો પર આઇડીએફના હવાઈ હુમલામાં નવના મોત**

## ઇઝરાયેલે એઆઇથી હુમલા કરતાં માઇક્રોસોફ્ટે સર્વિસ બંધ કરી

। વોશિંગ્ટન, તા.૨૯ ।

ઈઝરાયેલે ગાઝામાં તેના હુમલા માટે એઆઈનો ઉપયોગ કરતાં માઈક્રોસોફ્ટે તેને આપવામાં આવતી કલાઉડ સર્વિસ બંધ કરી છે. માઈક્રોસોફ્ટે આ જાણકારી બહાર આવ્યા પછી મચેલા ઉહાપોહના પગલે ઈઝરાયેલના લશ્કરના એક યુનિટને તેની કેટલીક સેવા બંધ કરી છે. કંપનીએ દાવો કર્યો છે કે ઈઝરાયેલ કલાઉડ કમ્પ્યુટિંગ અને એઆઈનો ઉપયોગ ગાઝામાં પેલેસ્ટાઈનીઓના સર્વેલન્સ માટે કરતું હતું. માઈક્રોસોફ્ટનું કહેવું છે કે ઈઝરાયેલ ગાઝામાં કેટલાય હુમલામાં તેની ટેકનોલોજીનો ઉપયોગ કરી ચૂક્યું છે, તેથી આ સર્વિસિઝ રોકવી જરૂરી છે. આ વર્ષે અગાઉ એસોસિયેટ પ્રેસ અને




ગાર્ડિયનના રિપોર્ટમાં જણાવાયું હતું કે ઈઝરાયેલનું લશ્કર કેવી રીતે ગાઝામાં યુદ્ધ કરવા અને વેસ્ટ બેન્કમાં કબ્જો કરવા માટે માઈક્રોસોફ્ટના એઝ્યોર પ્લેટફોર્મનો ઉપયોગ કરે છે.

માઈક્રોસોફ્ટના પ્રેસિડેન્ટ બ્રેડ સ્મિથે એક બ્લોગ પોસ્ટમાં જણાવ્યું હતું કે સર્વિસિઝના નિયમોનું પાલન કરવા માટે જ આ પગલું ઉઠાવવામાં આવ્યું છે. એપીના એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે માઈક્રોસોફ્ટ ડેટા મુજબ ઈઝરાયેલ ગીગાબાઈટ્સમાં ડેટાસ્ટોરેજનો ઉપયોગ કરતું હતું. આ ઉપરાંત લેંગ્વેજ ટ્રાન્સલેશન માટે પણ તે એઆઈનો ઉપયોગ કરતું હતું. આ ઉપરાંત તે એઝ્યોર દ્વારા બધી જાણકારીઓ એકત્રિત કરે છે. તેનું ભાષાંતર કરવામાં આવે છે. ફોન કોલ અને ટેક્સ્ટ મેસેજને પણ સર્વેન્સમાં રાખવામાં આવે છે.ઈઝરાયેલના યુનિટ ૮,૨૦૦ના કમાન્ડર સીધા માઈક્રોસોફ્ટના ચેરમેન અને સીઈઓ સત્ય નડેલાને ૨૦૨૧માં મળ્યા હતા.

બસ ત્યારથી ઈઝરાયેલ યુનિટને માઈક્રોસોફ્ટની સેવા શરૂ થઈ હતી. તેણે એઆઈ પાવર્ડ માસ સર્વેલન્સ સિસ્ટમનો ઉપયોગ કરવા માંડયો. તેના દ્વારા તે પેલેસ્ટાઈની નાગરિકોના લાખો ટેલિફોન કોલ્સનું ભાષાંતર કરતું હતું, તેની સમીક્ષા કરતું હતું. તેનો ડેટા યુરોપમાં સ્ટોર થતો હતો.

આ દરમિયાન ઈઝરાયેલના સુરક્ષા દળ (આઈડીએફ) અને ઈઝરાયેલની આતંકવાદ વિરોધી સિક્યોરિટી સર્વિસ શિન બેટને મોટી સફળતા હાથ લાગી છે. ગાઝામાં હવાઈ હુમલો કરીને આતંકવાદી સંગઠન હમાસના બટાલિયન કમાન્ડર વેલ મત્રિયાને ઠાર કર્યો છે. તે હમાસના નખબા સેક્શનમાં આતંકી પ્રવૃત્તિઓ કરતો હતો. ઈઝરાયેલે આ કાર્યવાહી ગાઝા શહેરમાં કરી, જેને હમાસનો ગઢ માનવામાં આવે છે. અહીં કમાન્ડર મત્રિયા આતંકવાદી હુમલાના આયોજનની તૈયારી કરી રહ્યો હતો.




































**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya